## અંક બંધ રહેશે

ગણતંત્ર દિનને અનુલક્ષીને તા.૨૬/૦૧/૨૦૨૬ના રોજ સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી તા.૨૭/૦૧/૨૦૨૬નો અંક પ્રકાશિત થશે નહિ. તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી.

- મેનેજમેન્ટ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 110 | AD - 2026, Maha Sud- 08 | Monday, Dt.26-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08+06 Price : Rs.3-00



## પ્રજાસત્તાક દિવસની

### આપ સૌને હાર્દિક શુભકામના



મેરા ભારત મહાન



ભરત સુતરીયા

સાંસદ, અમરેલી લોકસભા



## ૭૭મા ગણતંત્ર દિવસની શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

મેરા ભારત મહાન



### કૌશિક વેકરીયા

મંત્રીશ્રી,
કાયદો ન્યાયતંત્ર, ઉર્જા પેટ્રોકેમીકલ્સ,
વૈધાનિક અને સંસદીય બાબતો
(રાજ્ય કક્ષા - ગુજરાત સરકાર)



## ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિતે હાર્દિક શુભકામના

### સાવરકુંડલા નગરપાલિકા

સાવરકુંડલા.



મેહુલભાઈ ત્રિવેદી
પ્રમુખ



પ્રતિકભાઈ નાકરાણી
ઉપ પ્રમુખ



અશોકભાઈ ચૌહાણ
ચેરમેન, કારોબારી સમિતિ

મેરા ભારત મહાન

સાવન રતાણી
ચીફ ઓફિસર
સાવરકુંડલા નગરપાલિકા

મેરા ભારત મહાન

| | | |
|---|---|---|
| તૃપ્તિબેન દોશી | દક્ષાબેન કવા | અમીનાબેન બાવનકા |
| શારદાબેન લડવા | જીગ્રેશભાઈ ટાંક | નરસીભાઈ ચૌહાણ |
| કિશોરભાઈ બુહા | જનકબેન આલ | આસીફભાઈ કુરેસી |
| જયાબેન કરેણા | જયશ્રીબેન ભરાડ | દયાબેન હેલૈયા |
| મંજુલાબેન ચિત્રોડા | કેશવભાઈ બગડા | મેઘા ગઢીયા |
| અજયભાઈ ખુમાણ | અશોકભાઈ ખુમાણ | દુર્લભજીભાઈ જયાણી |
| હંસાબેન રાનેરા | જયાબેન ચાવડા | હરેશભાઈ ચાવડા |
| રસીલાબેન ચુડાસમા | ધર્મેન્દ્રભાઈ મહેતા | રેખાબેન ગોહિલ |
| ગૌતમભાઈ સાવજ | લાલભાઈ ગોહિલ | મંજુબેન ચૌહાણ |
| પિયુષભાઈ મસરૂ | નગમાબેન જાખરા | રાજેભાઈ ચૌહાણ |
| હંસાબેન પાનસુરીયા | ફરીદાબેન શેખ | |

તમામ સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ

**સાવરકુંડલા નગરપાલિકા -સાવરકુંડલા.**



"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

## ૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

### અમરેલી નગર સેવા સદન - અમરેલી

#### સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત સ્વચ્છતા સંદેશ

નગરપાલિકા દ્વારા 'સર્વનો સાથ શહેરનો વિકાસ' 'સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી' ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૨૬ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે નીચે મુજબના સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો - સુકો કચરો અલગ - અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકના ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરિયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહીં.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
(૯) સંક્રમિત રોગોથી બચવા સરકારશ્રીની ગાઈડલાઈનનું બિન-ચૂક પાલન કરીએ.

બિપીનભાઈ એસ. લીંબાણી
પ્રમુખશ્રી
અમરેલી નગરપાલિકા
અમરેલી.

બિનાબેન વિશાલભાઈ કાલેણા
ઉપપ્રમુખશ્રી
અમરેલી નગરપાલિકા
અમરેલી.

વિનોદ સી. રાઠોડ
ચીફ ઓફિસર
અમરેલી નગરપાલિકા
અમરેલી.

મનિષભાઈ એચ. ધરજીયા
અધ્યક્ષ
કારોબારી સમિતિ, અમરેલી નગરપાલિકા
અમરેલી

તથા તમામ સદસ્યશ્રીઓ
તથા કર્મચારી ગણ અમરેલી નગરપાલિકા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી



૭૭ મું
# પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવ
૨૬ જાન્યુઆરી, ૨૦૨૬
વાવ-થરાદ



**સુશાસનના સંકલ્પ સાથે... જનકલ્યાણના સેવા યજ્ઞ માટે... સમર્પિત અને સતત કાર્યશીલ સરકાર...**

અમે, માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્ર મોદીના
**'વિકસિત ભારત' ના સ્વપ્નને** સાકાર કરી દેશની લોકશાહીને વધુ ઉન્નત બનાવવાનો સંકલ્પ કરીએ છીએ

**૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજ્ય મહોત્સવમાં**
માનનીય રાજ્યપાલ
## શ્રી આચાર્ય દેવવ્રતના
વરદ્હસ્તે
# ધ્વજવંદન સમારોહ

તારીખ: ૨૬ જાન્યુઆરી ૨૦૨૬, સોમવાર | સવારે ૯:૦૦ વાગે
સ્થળ: હેલિપેડ ગ્રાઉન્ડ, નવી કોર્ટ સામે, મલુપુર, તા. થરાદ, જિ. વાવ-થરાદ

**પ્રેરક ઉપસ્થિતિ**
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## શ્રી શંકરભાઈ ચૌધરી
માનનીય અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા

- VGRC-કચ્છ-સૌરાષ્ટ્ર રીજનલ સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ
- રાજ્યના ૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડની સહાય અર્પણ
- થેલેસેમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલમૉડલ, ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ નાગરિકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા
- ભક્તિમય માહોલ સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નું ઐતિહાસિક આયોજન
- રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણીનું વિતરણ
- સાણંદમાં એન્ડ ટુ એન્ડ OSAT ફૅસિલિટીનો પ્રારંભ
- ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું
- ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ લૉન્ચ કરવામાં ગુજરાત અગ્રેસર

**આવો, આપણે સૌ સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું ગૌરવ લઈએ, બંધુત્વ અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ**

"પ્રજાસત્તાક પર્વે, આવો આપણે સૌ સાથે મળીને લોકશાહીના મૂલ્યોને વધુ સુદૃઢ બનાવીએ.
'હર ઘર સ્વદેશી' ના મંત્રને જીવનમાં ઉતારીને 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ બનીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વોકલ ફોર લોકલ

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : X CMOGujarat f CMOGujarat CMOGujarat CMOGujarat

# અમરેલીમાં મિલકત સંબંધી ગુના આચરનાર 'કાગડો' પાસા હેઠળ જેલહવાલે

અમરેલી,તા.૨૫



અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચનાથી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ચોરી અને લૂંટ જેવા મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા રીઢા ગુનેગાર દિનેશ ઉર્ફે કાગડો માધુભાઈ બાગડીયા (રહે. મધ્યપ્રદેશ, હાલ જામનગર) વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

અમરેલી રૂરલ પોલીસ દ્વારા તૈયાર કરાયેલી દરખાસ્તને આધારે જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. જેની બજવણી અમરેલી LCBની ટીમ દ્વારા કરી, આરોપીને

**પોલીસની કડક કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ**

પાલરા સ્પેશિયલ જેલ, કચ્છ-ભુજ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# બાબરા શોરૂમ માલિક પર હુમલા મામલે આરોપીનું પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શન

બાબરા,તા.૨૫



થોડા દિવસો પહેલા બાબરા ખાતે શોરૂમના માલિક ભરતભાઈ રાદડિયા ઉપર છરી વડે થયેલા જીવલેણ હુમલાના કેસમાં પોલીસે આરોપી પાસે સ્થળ પર રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. ઘટનાસ્થળે આરોપીએ હુમલો કેવી રીતે કર્યો, કઈ દિશામાંથી આવ્યો અને છરી વડે કઈ રીતે પ્રહાર કર્યો તેની વિગત પોલીસ સમક્ષ રજૂ કરી હતી. રિકન્સ્ટ્રક્શન દરમિયાન પોલીસ અધિકારીઓ તથા પંચો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસે કેસની વધુ તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ. અંબાબેન ભીમજીભાઈ ગોહિલ (ઉ.વ.૭૮)નું તા. ૨૩/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કમલેશભાઈ ભીમજીભાઈ ગોહિલના માતાશ્રી તથા ચિંતનભાઈ કમલેશભાઈ ગોહિલ અને ગૌતમભાઈ કમલેશભાઈ ગોહિલના બા થાય છે. સદગતનું બેસણુ તા. ૨૬/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ભગીરથ સગર સમાજની જ્ઞાતિની વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.બટુકભાઈ ભગવાનભાઈ ચુડાસમા(ઉ.વ.૬૩)નું તા.૨૩/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૬/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને કૃષ્ણ પ્લોટ રાજગોર બોર્ડિંગ વાળી ગલી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.નરેશભાઈ રતિલાલ વનરા (ઉ.વ.૭૧)નું તા.૨૪/૦૧/૨૦૨૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હિરેનકુમાર નરેશભાઈ વનરા તથા પ્રશાંતકુમાર નરેશભાઈ વનરા અને અમિતકુમાર નરેશભાઈ વનરાના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણુ તા.૨૬/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે પારેખ વાડી કોર્નર શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ વાડી નીચેનો વિભાગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી અડધો ડઝન પ્યાસી ઝડપ્યા

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૬ પ્યાસીને ઝડપી પાડ્યા હતા. નાના આંકડીયા, મોટી કુંકાવાવ, મોટા ઝીંઝુડા, દામનગર, કર્ણુકી, રાજુલામાંથી પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં

**પોલીસે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા ૬ ઈસમો ઝડપ્યા**

જાહેરમાં ફરતા ઈસમો મળી આવ્યા હતા. જાફરાબાદ સામાકાંઠામાંથી બે લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# અમરેલીમાં ઝેરી દવા પી લેતા યુવાનનું મોત

અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં આપઘાતની એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં એક વ્યક્તિએ કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ગળી લેતા સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. કેશુભાઈ સોમાભાઈ બગડા (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, રોહિત કેશુભાઈ સોમાભાઈ બગડાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં જીવાત ન પડે તે માટે રાખવામાં આવતા ઝેરી ટીકડા પી લીધા હતા. જોકે, ઝેર શરીરના ભાગોમાં ફેલાઈ ગયું હોવાથી ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ અવસાન થયું હતું. આ મામલે સ્થાનિક પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વ્યક્તિએ આવું અંતિમ પગલું શા માટે ભર્યું? તે પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અમરેલીમાં રહેતા નીતાબેન જગદીશભાઈ સોમાભાઈ બથવાર (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, જગદીશભાઈ સોમાભાઈ બથવાર (ઉ.વ.૫૯) નું હાર્ટ એટેકથી મોત થયું હતું.


## ૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

વંદે માતરમ્

શુભેચ્છક

**ભાવનાબેન સતાસીયા**
પ્રમુખશ્રી

**અશોકભાઈ હિરાણી**
ઉપપ્રમુખશ્રી

શ્રી બગસરા ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી



## એક રાષ્ટ્ર, એક લક્ષ્ય, એક ઓળખ

मेरा भारत महान | मेरा भारत महान

26TH January

-ઃ શુભેચ્છક ઃ-

શ્રીમતી દયાબેન પંકજભાઈ ગોજારીયા - સરપંચશ્રી
દુધ ઉત્પાદક સહકારી મંડળી
શ્રી પંકજભાઈ ગોરધનભાઈ ગોજારીયા
તથા ગ્રામપંચાયતના તમામ સદસ્યશ્રીઓ

ગ્રામ પંચાયત કમીગઢ, તા.અમરેલી



## ૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

ટેકાનાં ભાવે જણસીઓની ખરીદી.
મલ્ટી કોમોડીટી કલીનીક અને ગ્રેડીંગ ફેસીલીટી.
વે-બ્રિજ તેમજ વોટર કુલરની સુવિધા.
ખેડુતો માટે કેન્ટીનની સુવિધા
ખેડૂત ખાતેદારો માટે આકસ્મિક વીમા યોજના.
આકર્ષક ઓક્ષન શેડ, આર.સી.સી.રોડ.
ખેડૂતો માટે ગેસ્ટ હાઉસની સુવિધા

શુભેચ્છક

| | | |
|---|---|---|
| પીઠાભાઈ કે. નકુમ<br>વા. ચેરમેન | રાજેશભાઈ કે. કાકડીયા<br>સેક્રેટરી | રાજેશભાઈ આર. પરસાણા<br>ચેરમેન |

બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ

| | | |
|---|---|---|
| જીજ્ઞેશભાઈ એમ. પટેલ | મનુભાઈ ડી. ધાખડા | અમરીશભાઈ ડી. વરૂ |
| ચીથરભાઈ પી. જીંજાળા | મધુભાઈ એન. વોરા | ધીરૂભાઈ સી. રાદડીયા |
| વિક્રમભાઈ બી. કવાડ | નાગજીભાઈ કે. ડોબરીયા | ટપુભાઈ બી. રામ |
| માધુભાઈ એ. લાડુમોર | રમેશભાઈ વી. વસોયા | વિનુભાઈ જી. તારપરા |
| દુલાભાઈ વી. વાવડીયા | હુસેનભાઈ આર. સેલોત | અક્ષયભાઈ એ. ધાખડા |

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – રાજુલા**



## ૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

January 26 જય હિન્દ



શ્રી દિલીપભાઈ સંઘાણી
સ્થાપક - ચેરમેન

અમર ડેરી



શ્રી પરશોતમભાઈ રૂપાલા
સ્થાપક - ડિરેક્ટર



ડો. આર.એસ. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર



શ્રી મુકેશભાઈ સંઘાણી
વાઈસ ચેરમેન



શ્રી અશ્વિનભાઈ સાવલીયા
ચેરમેન

**અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"**

*બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ*

| | |
|---|---|
| શ્રી માવજીભાઈ ગોલ | રેખાબેન કાકડીયા |
| શ્રી ચંદુભાઈ રામાણી | જયાબેન રામાણી |
| શ્રી ઠાકરશીભાઈ શીયાણી | ભાનુબેન બુહા |
| શ્રી કમલેશભાઈ સંઘાણી | ભાવનાબેન ગોંડલીયા |
| શ્રી અરૂણભાઈ પટેલ | અરૂણાબેન માલાણી |
| શ્રી રામજીભાઈ કાપડીયા | ભાવનાબેન સતાસીયા |
| શ્રી રાજેશભાઈ માંગરોળીયા | કંચનબેન ગઢીયા |

શ્રી એ.કે. ત્રિપાઠી



## ૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

**ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી**
'ભોજલરામ ભવન', રાજ મહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧
ઈ-મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ : www.ajmsbank.com

### થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો

| અનું. નં. | થાપણના પ્રકાર | તા.૧૦.૦૭.૨૦૨૫થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરીષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદત માટે | ૫.૧૦ | ૫.૬૦ |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| (F) | ૧ વર્ષની મુદત અને ૨ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (G) | ૨ વર્ષની મુદત અને ૩ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (H) | ૩ વર્ષની મુદત અને ૫ વર્ષ કરતા ઓછી મુદત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (I) | ૫ વર્ષ થી ૮ વર્ષ સુધીની મુદત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને સને.૧૯૫૧ થી સતત ઓડીટ વર્ગ 'અ' ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી 100% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા.૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત ૭૧ શાખાઓ સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉતમ સેવા પુરી પાડતી બેંક
- ખેડૂતોને હાઉસીગ, ગોડાઉન, ટ્રેકટર તથા દ્વીચક્રી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વિમાથી સુરક્ષિત.
- બેંકમાં RTGS, NEFT, IMPS, UPI, (બીલ પેમેન્ટ), BBPS, (આધાર લીક સબસીડી), APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીગ, CTS ટ્રાન્ઝેકશનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફકત રૂા.૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા
- બેંકની વ્યકિતગત આકસ્મિક વિમા યોજના અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના લોકોને રૂા.૫,૦૦,૦૦૦/- લાખનું અકસ્માત વિમાનું કવચ
- ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા.૭,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.00% ના વ્યાજ દરે ઉપલબ્ધ

| | | |
|---|---|---|
| (બી.એસ. કોઠીયા)<br>જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) | (અરૂણભાઈ પટેલ)<br>વાઈસ ચેરમેન | (દિલીપભાઈ સંઘાણી)<br>ચેરમેન |

**ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી.**

# જાફરાબાદના વઢેરા ગામે તળપદા કોળી સમાજનો ૧૪મો સમૂહલગ્ન સમારોહ ભવ્ય રીતે યોજાયો

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે તળપદા કોળી સમાજ દ્વારા ૧૪મો સમૂહલગ્ન સમારોહ ભવ્ય રીતે આયોજિત થયો હતો. આ સમારોહમાં ૩૬ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડી વૈવાહિક જીવનની શરૂઆત કરી હતી. ભૂદેવોના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રોક્ત વિધિ સાથે તમામ લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી અને નવદંપતીઓને વિશાળ કરિયાવર આપવામાં આવ્યો હતો.



આ સમૂહલગ્ન સમારોહની ખાસિયત એ છે કે કન્યાના લગ્ન પ્રસંગે લગ્ન મંડપ તેમના પોતાના ઘરે જ રાખવામાં આવે છે તથા સમૂહ ભોજનનું વિશાળ જનમેદની સાથે ગામ સમસ્ત દ્વારા આયોજન કરવામાં આવે છે. દરેક દીકરીને પોતાના ઘરેથી જ વિદાય આપવામાં આવે છે. સમારોહમાં વઢેરા ગામના સરપંચ, ઉપસરપંચ તેમજ આગેવાનો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના સરપંચો, રાજકીય હસ્તીઓ, સામાજિક કાર્યકરો અને સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા-મહુવા રોડ પર ડમ્પરની ટક્કરે બાઈક સવાર દંપતી પૈકી પત્નીનું કમકમાટીભર્યું મોત

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા-મહુવા રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સાવરકુંડલાથી ઘરવખરીનો સામાન લઈને બાઈક પર પરત ફરી રહેલા દંપતીને એક અજાણ્યા ડમ્પર ચાલકે પાછળથી ઠોકર મારતા પત્નીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું, જ્યારે પતિને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ટીવુભાઈ કેશુભાઈ વાઘેલા (ઉ.વ.૪૨)એ અજાણ્યા ટ્રક-ડમ્પરના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેઓ અને તેમના પત્ની અમીનબેન સાવરકુંડલા શહેરની બજારમાંથી ઘરવખરી અને રાશનનો સામાન ખરીદીને પોતાના મોટરસાઈકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સાવરકુંડલા-મહુવા રોડ પર પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા પીળા કલરના ટ્રક-ડમ્પરના ચાલકે દંપતીના વાહનને જોરદાર ટક્કર મારી હતી. ડમ્પર ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી ચલાવી બાઈકને હડફેટે લેતા અમીનબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેમને માથાના ભાગે નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ડમ્પર ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે પોલીસે અજાણ્યા ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. માનવ જિંદગી જોખમાય તે રીતે બેદરકારીથી વાહન ચલાવી અકસ્માત સર્જી મોત નિપજાવનાર ચાલકને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
રાષ્ટ્રને સહકાર આપીએ
સ્વચ્છતા જાળવીએ
વેરો નિયમિત ભરીએ
શુભેચ્છક
શ્રીમતી અસ્મિતાબેન શાંતિભાઈ હુંમર
સરપંચશ્રી
શ્રી શાંતિભાઈ બાબુભાઈ હુંમર
ઉપસરપંચશ્રી
તથા ગ્રામ પંચાયતનાં તમામ સદસ્યશ્રીઓ
ગ્રામપંચાયત-રાયડી, તા.ખાંભા

એક રાષ્ટ્ર, એક લક્ષ્ય, એક ઓળખ
૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
-: શુભેચ્છક :-
શ્રી રમેશભાઈ તેજાભાઈ સાવલીયા - સરપંચ
શ્રી રસીકભાઈ મગનભાઈ સાવલીયા -ઉપસરપંચશ્રી
મંત્રીશ્રી
તથા ગ્રામપંચાયતના સદસ્યશ્રીઓ
મોલડી ગ્રામપંચાયત - તા. સાવરકુંડલા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
મેરા ભારત મહાન
આપણા ગામને રળીયામણું બનાવીએ
પંચાયતના નિયમોનું પાલન કરીએ
શુભેચ્છક
શ્રી વાસુરભાઈ લક્ષ્મણભાઈ ડેર - સરપંચ
શ્રી ગોવિંદભાઈ રામભાઈ ડેર - ઉપ સરપંચ
ભગીરથભાઈ ગઢવી - મંત્રી
તથા ગ્રામપંચાયતના તમામ સદસ્યશ્રીઓ
ઢાંગલા ગ્રામપંચાયત - તા. લીલીયા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
રાષ્ટ્રને સહકાર આપીએ.
સ્વચ્છતા જાળવીએ, વેરો નિયમિત ભરીએ





-:શુભેચ્છક:-
શ્રી બાબુભાઈ વિઠ્ઠલભાઈ અમદાવાદી - સરપંચશ્રી
શ્રી સંજયભાઈ ગોરધનભાઈ સતાણી - ઉપસરપંચશ્રી
શ્રી શૈલેષભાઈ પનોત - મંત્રીશ્રી
તથા ગ્રામ પંચાયતનાં તમામ સદસ્યશ્રીઓ
ગ્રામપંચાયત રામપર - તા.લાઠી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા
ગણતંત્ર દિનની દેશવાસીઓને
શુભકામનાઓ...
શુભેચ્છક...
શ્રી દિપકભાઈ માલાણી - પ્રમુખશ્રી
શ્રી રાજુભાઈ માલાણી - મેનેજરશ્રી
તથા તમામ ડીરેક્ટરશ્રીઓ તેમજ કર્મચારી ગણ
સાવરકુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘ, મું. સાવરકુંડલા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં
સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ
શુભેચ્છક
કુ. કિરણબેન સુરેશભાઈ વાળા - સરપંચ
સભ્યશ્રીઓ
શ્રીમતી વસનબેન હરેશભાઈ વાળા | શ્રી સુરેશભાઈ રામભાઈ વાળા
શ્રીમતી ગુલાબબેન જયરાજભાઈ વાળા | શ્રી હરેશભાઈ બચુભાઈ વાળા
શ્રીમતી હેમીબેન જેસીંગભાઈ મકવાણા | શ્રી ભયલુભાઈ હરસુરભાઈ વાળા
શ્રીમતી દિપાલીબેન શરદભાઈ મકવાણા | શ્રી ભાવેશભાઈ સોજીત્રા - મંત્રી
ચાડીયા ગ્રામપંચાયત, તા. અમરેલી.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
શુભેચ્છક...
શ્રી જયેશભાઈ એમ. નાકરાણી (પ્રમુખ) શ્રી દલસુખભાઈ કે. દુધાત (ઉપ પ્રમુખ)
શ્રી વિઠલભાઈ એન. તારપરા (એમ.ડી.) શ્રી પ્રશાંતભાઈ નાકરાણી (ઈન. મેનેજર)
સદસ્યશ્રીઓ
શ્રી સાંગાભાઈ જીવરાજભાઈ સાવલીયા | શ્રી રમેશભાઈ લીંબાભાઈ કોટડીયા
શ્રી બાબુભાઈ જીવરાજભાઈ સોજીત્રા | શ્રી કિર્તિભાઈ કુરજીભાઈ ચોડવડીયા
શ્રી પરેશકુમાર ધીરજલાલ ધાનાણી | શ્રી જયંતિભાઈ રવજીભાઈ ચકરાણી
સ્વ. હરેશભાઈ વિઠલભાઈ વઘાસીયા | શ્રી મગનભાઈ મનજીભાઈ લુણાગરીયા
શ્રી મનસુખભાઈ નથુભાઈ નાકરાણી | શ્રી બટુકભાઈ બાલુભાઈ ખૂંટ
શ્રી શંભુભાઈ મોહનભાઈ દેસાઈ | શ્રી દેવેન્દ્રભાઈ રવજીભાઈ પાદરીયા
શ્રી વિનુભાઈ દેવશીભાઈ નાકરાણી | શ્રી હિંમતભાઈ ચકુભાઈ ગજેરા
શ્રી ચીમનભાઈ છગનભાઈ ભંડેરી
સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ તથા સ્ટાફગણ
શ્રી અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલી
મોહનભાઈ નાકરાણી ભવન,અમરેલી, જુનુ માર્કેટ યાર્ડ, અમરેલી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
શ્રી ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ
રેલ્વે સ્ટેશનની સામે, સનાળીયા રોડ, મુ. લીલીયામોટા
શુભેચ્છક
શ્રી હનુભાઈ વિરજીભાઈ ધોરાજીયા - ચેરમેનશ્રી | શ્રી રાકેશકુમાર ધિરજલાલ ઉમરેઠીયા - સેક્રેટરીશ્રી | શ્રી કેતનકુમાર ધિરજલાલ ઢાંકેચા - વાઈસ ચેરમેનશ્રી
ડિરેક્ટરશ્રી
શ્રી અરૂણભાઈ મનસુખભાઈ બુટાણી | શ્રી બાબુભાઈ છગનભાઈ ધામત
શ્રી મગનભાઈ હરિભાઈ વિરાણી | શ્રી વિનુભાઈ બાબુભાઈ માકાણી
શ્રી ભીખાભાઈ માધવજીભાઈ ધોરાજીયા | શ્રી મનોજભાઈ નાથાભાઈ સેજપાલ
શ્રી મગનભાઈ છગનભાઈ દુધાત | શ્રી દલસુખભાઈ જીવરાજભાઈ સાવલીયા
શ્રી દકુભાઈ ધિરૂભાઈ બુટાણી | શ્રી મગનભાઈ હિરજીભાઈ પટેલ
શ્રી વાલજીભાઈ ગોબરભાઈ માંડણકા | શ્રી સહકારી અધિકારી અમરેલી
શ્રી ગૌતમભાઈ જેહુરભાઈ વિંછીયા | શ્રી વિસ્તરણ અધિકારી લીલીયામોટા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
ગામડાનો વિકાસ એટલે આપણો વિકાસ
ગણતંત્ર દિવસની
સર્વોને શુભકામના
શુભેચ્છક
લાભુબેન રણછોડભાઈ પુંભડીયા - સરપંચશ્રી
મોહનભાઈ દેવાતભાઈ ઢોલા - ઉપ સરપંચશ્રી
મેઘનાબેન ચૌહાણ - મંત્રીશ્રી
કિશોરભાઈ તૈરૈયા - મહેશભાઈ ગોસ્વામી
તથા ગ્રામપંચાયતના તમામ સદસ્યશ્રીઓ
નાની વડાળ ગ્રામપંચાયત - તા. સાવરકુંડલા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના





શુભેચ્છક...
શ્રી ભાવેશભાઈ મસરાણી
પ્રમુખ : વેપારી મહામંડળ - બગસરા । પૂર્વ મહામંત્રી : શહેર ભાજપ - બગસરા
ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ અને સાઉથ ઈન્ડીયન
આશીર્વાદ રેસ્ટોરન્ટ - વિજય ચોક સ્ટેશન રોડ, બગસરા
જલારામ રેસ્ટોરન્ટ - નદીપરા, બગસરા
મો. ૯૮૨૫૦ ૨૧૭૫૩

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
રાષ્ટ્રને સહકાર આપીએ
શુભેચ્છક
આશાપુરા ટ્રાન્સપોર્ટ કાં.
રાજકોટ, ભાવનગર, અમરેલી ડેઈલી સર્વિસ
નટરાજ રોડલાઈન્સ, અમરેલી ડેઈલી સર્વિસ

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
રાષ્ટ્રને સહકાર આપીએ
સ્વચ્છતા જાળવીએ
વેરો નિયમિત ભરીએ
શુભેચ્છક
શ્રી હરેશભાઈ નાનજીભાઈ સોડવડીયા - સરપંચ
સભ્યશ્રીઓ
શ્રી નરેન્દ્રભાઈ નારણભાઈ ફિંડોળીયા જી.પ.સદસ્યશ્રી
શ્રી કાંતિભાઈ ધનજીભાઈ સોડવડીયા
શ્રીકાંતભાઈ કરશનભાઈ દાફડા
શ્રીમતી ગીતાબેન ગોવિંદભાઈ ધીનૈયા
શ્રી પ્રફુલભાઈ ધનજીભાઈ સોડવડીયા
શ્રીમતી નીતાબેન ચેતનભાઈ વાડદોરીયા
શ્રીમતી દયાબેન ચંદુભાઈ સોડવડીયા
શ્રી જે. આર. હિરાણી - ત.ક.મંત્રી
ગ્રામપંચાયત, અનીડા તા. ખાંભા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
આપણા ગામને રળીયામણું બનાવીએ
ગણતંત્ર દિવસની સર્વોને શુભકામના






ફિક્સ ડીપોઝીટ ઉપર ૧૨% વ્યાજ
-: શુભેચ્છક :-
અનિલકુમાર એન. શેખ
ચેરમેનશ્રી
શ્રી આશિષ શરાફી સહકારી મંડળી લી.
બગસરા

# રાજુલામાં સિંહ-દીપડા બાદ હવે રખડતા કૂતરાઓનો આતંક: ૭૨ કલાકમાં ૩૦ લોકોને બચકા ભર્યા

રાજુલા,તા.૨૫

રાજુલા વિસ્તારના લોકો સિંહ, દીપડા, રખડતા આખલા, ગાયો અને ભૂંડના ત્રાસથી પહેલેથી જ પરેશાન હતા, ત્યાં હવે રખડતા કૂતરાઓના વધતા જતા ત્રાસને કારણે લોકોનું જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. શહેરમાં સોસાયટીઓ અને મુખ્ય બજારમાં કૂતરાઓનો આતંક એટલો વધ્યો છે કે વાહનોની પાછળ દોડવું અને ચાલુ મોટરસાયકલે ચાલકના પગમાં બચકા ભરી જવાના બનાવો સામાન્ય બન્યા છે.



છેલ્લા ૭૨ કલાકમાં રાજુલા સિવિલ હોસ્પિટલમાં કૂતરા કરડવાના ૩૦ જેટલા કેસ નોંધાયા છે, જ્યારે તે પહેલાના આઠ દિવસમાં પણ અનેક લોકોને કૂતરા કરડ્યા હોવાનું સામે આવ્યું છે. સિનિયર સિટીઝન, માતાઓ, શાળાએ જતા વિદ્યાર્થીઓ અને શાક માર્કેટમાં જતા લોકો પર કૂતરા કે રખડતા ઢોર ક્યારે હુમલો કરે તે નક્કી હોતું નથી.

રાત્રિના સમયે ગ્રામ્ય વિસ્તારોમાં હોસ્પિટલો બંધ હોવાથી ત્યાંના લોકો પણ કૂતરા કરડવાના બનાવમાં ઈન્જેક્શન લેવા માટે નાછૂટકે રાજુલા સિવિલ હોસ્પિટલે આવવા મજબૂર બન્યા છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રખડતા કૂતરાઓને કબજે કરવામાં આવે તેવી પ્રબળ માંગ રાજુલાના શહેરીજનો કરી રહ્યા છે.

# "My India, My Vote" થીમ સાથે સાવરકુંડલામાં ૧૬મો રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાયો

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને સાવરકુંડલા સ્થિત વી.ડી. કાણકીયા કોલેજ ખાતે જિલ્લા કક્ષાનો ૧૬મો 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. આ વર્ષની થીમ "My India, My Vote'' અને ટેગલાઈન "Citizen at the Heart of Indian Democracy" રાખવામાં આવી હતી.




આ પ્રસંગે SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવીઝન) ૨૦૨૫-૨૬ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારા BLOઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રથમ વખત નોંધણી કરાવનાર યુવા મતદાતાઓને ચૂંટણીકાર્ડ આપવામાં આવ્યા તેમજ શતાયુ અને વરિષ્ઠ મતદાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું કે લોકશાહીનો પાયો જાગૃત મતદાતાઓ છે. યુવા મતદાતાઓએ અચૂક મતદાન કરવું અને અન્ય નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવી જોઈએ. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ મતદાતા તરીકેની શપથ લીધી હતી.

# સુરતના અમરોલીમાં જાફરાબાદની પરિણીતા સાથે પતિએ ઓરમાયું વર્તન કરતા ફરિયાદ નોંધાવી

**કરિયાવરની માંગણી સાથે શારીરિક-માનસિક ત્રાસ આપતા ત્રણ સામે ગુનો**

જાફરાબાદ, તા.૨૫

સુરતના અમરોલીમાં જાફરાબાદની એક પરિણીતાને તેના સાસરિયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ઘટના સામે આવી છે. નાની-નાની બાબતોમાં રોકટોક કરવા સાથે કરિયાવરની માંગણી કરી પરિણીતાને હેરાન કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે જાફરાબાદમાં રહેતી પાયલબેન લલિતભાઈ મેરીયા (ઉ.વ.૩૦)એ સુરતના અમરોલીમાં રહેતા પતિ અમીતભાઈ નાનજીભાઈ ચાવડા, નાનજીભાઈ વિરાભાઈ ચાવડા, રમીલાબેન નાનજીભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. પરિણીતા સાથે તેના પતિ દ્વારા ઓરમાયું વર્તન કરવામાં આવતું હતું. પતિ ઉપરાંત ઘરના અન્ય સભ્યો દ્વારા પણ પરિણીતાને અવારનવાર મેણાટોણા મારીને પરેશાન કરવામાં આવતી હતી. નાની એવી બાબતોમાં પણ રોકટોક કરીને પરિણીતાનું જીવવું દુષ્કર કરી દેવામાં આવ્યું હતું.

સાસરિયાઓ દ્વારા માત્ર મેણાટોણા જ નહીં, પરંતુ વધુ કરિયાવર લાવવા માટે દબાણ કરવામાં આવતું હતું. શારીરિક અને માનસિક ત્રાસ આપીને પરિણીતાને દુઃખ પહોંચાડવામાં આવતું હતું. આ ત્રાસમાં સાસરિયાઓએ એકબીજાની મદદગારી કરી ગુનો આચર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# બાબરકોટમાં જમીન પર ૧૭ વર્ષથી ગેરકાયદે કબ્જો કરનારા ભૂમાફિયાઓ સામે ગુનો નોંધાયો

**અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડને જમીન ફાળવવામાં આવી હતી**

જાફરાબાદ, તા.૨૫

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામની સીમમાં આવેલી અને અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડને ફાળવવામાં આવેલી કરોડોની કિંમતની સરકારી જમીન પર ગેરકાયદે કબ્જો કરી ખેતી કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૭ થી અત્યાર સુધી કોઈ પણ આધાર પુરાવા વગર જમીન દબાવી રાખી આર્થિક લાભ મેળવનારા શખ્સો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે જીતેન્દ્રપ્રતાપસિંહ રામફાલ વર્મા (ઉ.વ.૫૧, ડેપ્યુટી મેનેજર લેન્ડ વિભાગ અલ્ટ્રાટ્રેક સિમેન્ટ લિમિટેડ)એ બાબરકોટ ગામના સુખાભાઈ કડવાભાઈ સાંખટ, વેલાભાઈ કડવાભાઈ સાંખટ, ચીથરભાઈ કડવાભાઈ સાંખટ, બચુભાઈ કડવાભાઈ સાંખટ તથા પાંચાભાઈ કડવાભાઈ સાંખટ સામે ફરિયાદ નોંધાવી હતી. બાબરકોટ ગામના રેવન્યુ સર્વે નંબર ૧૩૦ પૈકી ૧ ની જૂની શરતની જમીન (અંદાજે ૧-૫૧-૨૫ હેક્ટર) વર્ષ ૨૦૦૭ માં રાજુલાના મદદનીશ કલેક્ટરના હુકમથી અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ (અગાઉ લાર્સન એન્ડ ટુબ્રો) ને ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી હતી. કંપનીએ આ જમીનની નિયત કબ્જા કિંમત પણ ભરી દીધી હતી.


સરકાર અને કંપની હસ્તકની આ જમીન હોવા છતાં, આરોપીઓએ કોઈ પણ કાયદેસરના આધાર પુરાવા વગર વર્ષ ૨૦૦૭ થી આજ દિન સુધી જમીન પર પોતાનો ગેરકાયદે કબ્જો જમાવી રાખ્યો હતો. આટલા વર્ષો દરમિયાન આરોપીઓએ આ જમીનમાં વાવેતર કરી, ઉપજ મેળવીને ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવ્યો હતો. કંપનીને ફાળવાયેલી જમીન પર ગેરકાયદે દબાણ કરી સરકારના હુકમનું ઉલ્લંઘન કરવા બદલ અને ગેરકાયદે આર્થિક લાભ લેવા બદલ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ અને મહેસૂલ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરવામાં આવી હતી.




# અમરેલીના ખીજડીયા (રાદડીયા) ગામે થ્રેશરમાં ચુંદડી ફસાતા મહિલાનું મોત

અમરેલી,તા.૨૫

અમરેલીના ખીજડીયા (રાદડીયા) ગામમાં ખેતીકામ દરમિયાન એક કમકમાટીભરી દુર્ઘટના સર્જાઈ હતી. થ્રેશરમાં ચુંદડી ફસાઈ જવાને કારણે સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી મહિલાનું સારવાર માટે વતનમાં લઈ જતી વખતે રસ્તામાં જ કરુણ મોત નિપજ્યું હતું. આ અંગે ભંગડા રામસીંહ મેડા (ઉ.વ.૬૨) એ જાહેર કર્યા મુજબ, શાહબાઈબેન ભંગડા રામસીંહ મેડા (ઉ.વ.૧૬) ખીજડીયા (રાદડીયા) ગામે ખેતરમાં થ્રેશર ચાલતું હતું ત્યાં કામ કરતા હતા. અચાનક તેમની ચુંદડી થ્રેશરના પંખામાં આવી ગઈ હતી. ચુંદડી ખેંચાવાને કારણે પંખા પાસે રહેલી લોખંડની એંગલ મહિલાના ગળાના પાછળના ભાગે જોરદાર રીતે વાગી હતી, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ મહિલાને તાત્કાલિક સારવાર અર્થે અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેમને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જોકે, તબિયતમાં સુધારો ન જણાતા અને સ્થિતિ નાજુક હોવાથી તેમને હોસ્પિટલમાંથી રજા અપાવી એમ્બ્યુલન્સમાં વતન પરત લઈ જવામાં આવી રહ્યા હતા. વતન પહોંચે તે પહેલાં જ રસ્તામાં મહિલાએ દમ તોડી દીધો હતો. સર્જાયેલી આ અણધારી આફતને પગલે ગામમાં અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.







# સાવરકુંડલાના નાની વડાળ ગામે જૂની અદાવતનું સમાધાન કરવા ગયેલા યુવક પર પાઈપ-લાકડીથી હુમલો

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાના નાની વડાળ ગામે જૂના કેસનું સમાધાન કરવા ગયેલા એક શખ્સ પર લોખંડની પાઈપ અને લાકડી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકને હાથે અને પગે ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. આ અંગે મઢડા ગામે રહેતા રાજુભાઈ લાલજીભાઈ સરવૈયા (ઉ.વ.૩૦) એ નાની વડાળ ગામના કનાભાઈ ગોરધનભાઈ જાદવ, સુખદેવભાઈ ગોરધનભાઈ જાદવ તથા ગોરધનભાઈ જાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની વિરુદ્ધ વર્ષ ૨૦૨૩માં છેડતીનો એક ગુનો દાખલ થયો હતો, જેનો કેસ હાલ કોર્ટમાં ચાલી રહ્યો છે. આ મામલે તેઓ સમાધાનની વાતચીત કરવા માટે સામે પક્ષે એટલે કે આરોપીઓ પાસે ગયા હતા. જોકે, સમાધાનની વાત આરોપીઓને ગમી નહોતી અને તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ એકસંપ થઈને ફરિયાદીને બેફામ ગાળો આપી હતી અને ત્યારબાદ લોખંડની પાઈપ તથા લાકડી જેવા હથિયારો વડે તૂટી પડ્યા હતા. જે બાદ સુખદેવભાઈ ગોરધનભાઈ જાદવ (ઉ.વ.૩૦) એ રાજુભાઈ લાલજીભાઈ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી સામે વર્ષ ૨૦૨૩ માં છેડતી બાબતનો ગુનો દાખલ થયો હતો. જેનો કેસ કોર્ટમાં શરૂ હતો. જેમાં ફરિયાદી તરીકે તેના પત્ની હતા. જેથી આ કેસમાં સમાધાન માટે આરોપી સાહેદને અવાર-નવાર ફોન કરી આ કેસના સમાધાન માટે વાતચીત કરતા હતા. તેમને આ બાબતનું સમાધાન કરવું નહોતું. જેનું મનદુઃખ રાખી આરોપીએ તેમના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી હાથમાં છરી લઈ જેમફાવે તેમ ગાળો બોલી ઝપાઝપી કરી ફરિયાદીને મુંઢ ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.






### પ્રમુખ ડી.કે. રૈયાણીના માર્ગદર્શન નીચે મિટિંગનો દોર

# અમરેલીમાં શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નોત્સવની તૈયારીઓ શરૂ

અમરેલી,તા.૨૫

અમરેલી ખાતે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૭મા સમૂહ લગ્નોત્સવની ભવ્ય તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તા. ૧લી ફેબ્રુઆરીને રવિવારના રોજ અમરેલી ખાતે યોજાનાર સમૂહલગ્નની તૈયારીઓને આખરી ઓપ આપવા માટે પ્રમુખ ડી.કે. રૈયાણીના માર્ગદર્શન નીચે સ્વયંસેવકોની મિટિંગોના દોર







પણ શરૂ થઈ ગયા છે. જેમાં ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે પટેલ સમાજના આગેવાનો અને સ્વયંસેવકોની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જુદી-જુદી કમિટીઓને કામગીરી સોંપી આયોજનને ભવ્ય બનાવવા માટે ડી.કે. રૈયાણી, કાળુભાઈ ભંડેરી, કાંતિભાઈ વઘાસીયા, રાજેશભાઈ માંગરોળીયા, સુરેશભાઈ દેસાઈ, દિનેશભાઈ ભુવા, જયસુખભાઈ દેસાઈ, ડો. ચંદ્રેશભાઈ ખુટ, સંજયભાઈ રામાણી, રમેશભાઈ કાથરોટિયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ કાછડીયા, નિલેશભાઈ દેસાઈ, વરૂણભાઈ પટેલ, ધવલભાઈ કાબરીયા, વર્ષિલભાઈ મોવલીયા, ભરતભાઈ કાબરીયા, જયસુખભાઈ સોરઠીયા, દુલાભાઈ દેસાઈ, દેવચંદભાઈ સાવલિયા, ચંદુભાઈ રામાણી, રાજુભાઈ ઝાલાવાડીયા, ગણપતભાઈ સેંજલીયા, મેહુલભાઈ બાબરીયા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં સ્વયંસેવકો ઉપસ્થિત રહયા હતા.કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ બાવીશી અને નિલેશભાઈ મુલાણીએ કર્યું હતું.

# કડીયાળી ગામે તળપદા કોળી સમાજનો ૧૧મો સમૂહલગ્ન સમારોહ યોજાયો

**લગ્ન સમારોહમાં ૨૭ નવદંપતીઓએ વૈવાહિક જીવનમાં પ્રવેશ કર્યો**

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે તળપદા કોળી સમાજ તથા ગામ સમસ્ત દ્વારા ૧૧મો સમૂહલગ્ન સમારોહ કડીયાળી ગેલ અંબે માતાના મંદિરના પટાંગણમાં ભવ્ય રીતે યોજાયો હતો. આ સમૂહલગ્ન સમારોહમાં ૨૭ નવદંપતીઓએ વૈવાહિક જીવનમાં પ્રવેશ કર્યો હતો. સાધુ-સંતો અને ભૂદેવોની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્નવિધિ સંપન્ન કરવામાં આવી હતી. સમારોહમાં કન્યાઓને વિશાળ કરિયાવર સાથે વિદાય આપવામાં આવી.

સમૂહલગ્નમાં મોટી



સંખ્યામાં સમાજના લોકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જાફરાબાદ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના સરપંચો, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સદસ્યો, રાજકીય આગેવાનો અને સામાજિક કાર્યકરોએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સમૂહલગ્નની વિશેષતા એ છે કે દીકરીઓને પોતાના ઘરેથી જ વિદાય આપવામાં આવે છે અને લગ્ન મંડપ પણ તેમના ઘરે જ રાખવામાં આવે છે.

સમારોહ દરમિયાન ગણેશ ગ્રુપ, બજરંગ બલી ગ્રુપ, નવદુર્ગા મંડળ, ગેલ અંબે ધૂન મહિલા મંડળ, ગેલ અંબે ડાયમંડ ગ્રુપ, સીતારામ ગ્રુપ, વીર માંધાતા ગ્રુપ, બાપા સીતારામ મંડળ, ખોડિયાર ગરબી મંડળ અને અન્નપૂર્ણા યુવતી મંડળ સહિતના સેવાકીય મંડળોએ ઉત્સાહપૂર્વક સેવા પૂરી પાડી હતી.

# અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા હીરા ઉદ્યોગના વિકાસ અંગે ચર્ચા

અમરેલી,તા.૨૫



આજરોજ અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા અમરેલી જિલ્લાના અગ્રણી ઉદ્યોગપતિ અશોકભાઈ ગજેરા તેમજ બકુલભાઈ ગજેરાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસોસિએશનના પ્રમુખ લલિત ઠુમ્મર અને અન્ય હોદ્દેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન અમરેલી જિલ્લાના હીરા ઉદ્યોગના સર્વાંગી વિકાસ, રોજગારીની તકો વધારવા તેમજ ઉદ્યોગને વધુ મજબૂત બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.


# લાઠી તાલુકાના ઈંગોરાળા ગામની સીમમાં ૧૪ વર્ષની બાળકી પર સિંહણનો હુમલો

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઈંગોરાળાથી ભીંગરાડ વચ્ચે આવેલા વિસ્તારમાં સિંહણના હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. દિનેશભાઈ જાગાણીની વાડીમાં કપાસ વિણતી વખતે પરપ્રાંતીય પરિવારની ૧૪ વર્ષની બાળકી રૂખીના કેદુભાઈ પર અચાનક સિંહણે હુમલો કર્યો હતો. હુમલામાં રૂખીનાને હાથ, પગ અને



શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચતા સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. આસપાસના લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી કરી બાળકીને સારવાર માટે દામનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ત્યાં પ્રાથમિક સારવાર બાદ હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે રૂખીનાને અમરેલી સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં વન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. વિસ્તારમાં વન્યપ્રાણીના વધતા હુમલાઓને લઈ ખેડૂતો અને મજૂરોમાં ભય ફેલાયો છે.

























૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ

મેરા ભારત મહાન

શુભેચ્છક

શ્રીમતી રમીલાબેન ભીખુભાઈ ધોરાજીયા
ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ જિલ્લા પંચાયત, અમરેલી
મુ.બોડીયા,તા.લીલીયા, જિ.અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

શુભેચ્છક

શ્રી જીજ્ઞેશભાઈ સાવજ
પ્રમુખશ્રી લીલીયા તાલુકા ભાજપ
પ્રમુખશ્રી આંબા સેવા સહકારી મંડળી લી.



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

રાષ્ટ્રને સહકાર આપીએ. સ્વચ્છતા જાળવીએ.

...શુભેચ્છક...

શ્રીમતી રમાબેન શંભુભાઈ મહિડા
સદસ્યાશ્રી
જિલ્લા પંચાયત, અમરેલી
મુ. મોટા માંડવડા, તા. અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

વંદે માતરમ્

...શુભેચ્છક...

શ્રી ભાવેશભાઈ વલ્લભભાઈ દેસાઈ
સરપંચશ્રી
ગ્રામપંચાયત પીઠવાજાળ
તા. અમરેલી



26TH JANUARY

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

...શુભેચ્છક...

શ્રી હસમુખભાઈ કોરાટ
સરપંચશ્રી
ગ્રામપંચાયત ડાંગાવદર તા. ધારી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ

શુભેચ્છક

શ્રીમતિ મંજુલાબેન મનસુખભાઈ બરવાળીયા - સરપંચ
શ્રી નરેશભાઈ વિનુભાઈ તલાલીયા - તલાટી કમ મંત્રી
તથા ગ્રામપંચાયતના તમામ સદસ્યશ્રીઓ
રાંદલના દડવા ગ્રામપંચાયત - તા. કુંકાવાવ



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

આઝાદી, શૌર્ય, શાંતિ, વિકાસ

...શુભેચ્છક...

શ્રી કરશનભાઈ પુનાભાઈ ભીલ
ચેરમેનશ્રી
કારોબારી સમિતિ
જિલ્લા પંચાયત અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

...શુભેચ્છક...

શ્રી ભરતભાઈ એન. મકવાણા
મહામંત્રીશ્રી, અમરેલી શહેર ભાજપ
પ્રમુખશ્રી, વેલનાથ યુથ ફાઉન્ડેશન - અમરેલી
અધ્યક્ષશ્રી રાષ્ટ્રીય શૈક્ષણિક
મહાસંઘ માધ્યમિક સંવર્ગ - અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

...શુભેચ્છક...

શ્રી પંકજભાઈ વલ્લભભાઈ ઉનાવા
સરપંચશ્રી
ગ્રામ પંચાયત
મોટા ઝીંઝુડા,
તા.સાવરકુંડલા



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

મેરા ભારત મહાન

આઝાદી, શૌર્ય, શાંતિ, વિકાસ

...શુભેચ્છક...

શ્રી કિશોરભાઈ રવજીભાઈ કાનપરીયા
પ્રમુખશ્રી, તાલુકા પંચાયત અમરેલી
વિઠ્ઠલપુર, ફતેપુર, ચાંપાથળ, પીઠવાજાળ,
તરકતળાવ, કેરીયાચાડ,
મું વિઠ્ઠલપુર, તા. જિ. અમરેલી.



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

सारे जहाँ से अच्छा, हिन्दोस्तां हमारा
happy republic day

...શુભેચ્છક...

શ્રી જેહુરભાઈ કે. કોઠીવાળ
પ્રમુખશ્રી, સુખપુર સેવા સહકારી મંડળી લી.
ડીરેક્ટરશ્રી, તાલુકા સહકારી સંઘ
પ્રમુખશ્રી, ક્રિષ્ના દૂધ ઉત્પાદક મંડળી
મુ. સુખપુર, તા. બાબરા, જી. અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

શુભેચ્છક

શ્રી વિનોદભાઈ રૂપાભાઈ ઝાપડીયા
સદસ્યશ્રી તાલુકા પંચાયત, બાબરા
વાંકીયા લાલકા સીટ, મુ.સુખપુર, તા. બાબરા



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

વંદે માતરમ્

આઝાદી, શૌર્ય, શાંતિ, વિકાસ

શુભેચ્છક

જીતેન્દ્રભાઈ કાથરોટીયા
પ્રમુખશ્રી, ચલાલા શહેર ભાજપ

ચિરાગભાઈ માળવીયા
મહામંત્રીશ્રી, ચલાલા શહેર ભાજપ

અશોકભાઈ ચૌહાણ
મહામંત્રીશ્રી, ચલાલા શહેર ભાજપ



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

મેરા ભારત મહાન
વંદે માતરમ્

...શુભેચ્છક...

રતિદાદા મહેતા
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
યુગ નિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ,ચલાલા
મો. ૮૮૬૬૩૭૪૧૧૨



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

રાજુભાઈ મિલન
મિલન ટ્રાન્સપોર્ટ - અમરેલી

હેડ ઓફિસ: બીનાકા ચોક - અમરેલી ફોન : ૨૨૨૦૫૧, ૨૨૧૩૩૮

ડેઈલી સર્વિસ

અમદાવાદ થી અમરેલી થી સાવરકુંડલા, બગસરા, ધારી, ચલાલા, મહુવા, રાજુલા, વિજપડી, લાઠી, કુંકાવાવ, દેરડી, વડીયા, લીલીયા મોટા, બાબરા, ચિતલ, ધોળા જંકશન, ઢસા જંકશન, દામનગર..

માધુપુરા : જુના માધુપુરા ઠાકોરવાસ અમદાવાદ મો. : ૯૯૦૯૩ ૨૪૬૨૩
અસલાલી : ૧૨/બી, ભગવાન એસ્ટેટ, ફોન : ૦૨૭૧૮-૨૬૧૦૭૮ મો. : ૯૪૨૮૮ ૦૨૯૦૪
નારોલ : સી/૨૫, શિવશક્તિ એસ્ટેટ, પ્રિન્સ હોટલની પાછળ, મો. : ૯૮૭૯૫ ૫૨૫૨૮
સરખેજ : ૬-૭ સાગર એસ્ટેટ, સાણંદ ચોકડી અને ઉજાલા ચોકડી ચોકડીની વચ્ચે
ફોન : ૨૬૮૯૦૧૩૦ મો. : ૭૫૭૫૦ ૧૬૯૭૧



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

મેરા ભારત મહાન
વંદે માતરમ્

શુભેચ્છક...

ચેતનભાઈ ધાનાણી
સરપંચ,
લાલાવદર, તા.જી.અમરેલી


૨૬ જાન્યુઆરી, ૨૦૨૬
૭૭મા પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામના
મેરા ભારત મહાન
મેરા ભારત મહાન
માન.શ્રી વસંતભાઈ ગજેરા
(ચેરમેનશ્રી)
શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલીત
શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી
LD
Laxmi Diamond
Since 1972


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
સારે જહાં સે અચ્છા
હિન્દુસ્તાં હમારા
શુભેચ્છક
શ્રી પ્રતાપભાઈ દુધાત
પ્રમુખશ્રી અમરેલી જીલ્લા કોંગ્રેસ
પૂર્વ ધારાસભ્યશ્રી
સાવરકુંડલા - લીલીયા


૭૭મા ગણતંત્ર પર્વ નિમિતે હાર્દિક શુભકામના
મેરા ભારત મહાન
...શુભેચ્છક...
જે.વી.કાકડીયા
ધારાસભ્યશ્રી
ધારી-બગસરા-ખાંભા


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
...શુભેચ્છક...
શ્રી જનકભાઈ તળાવીયા
ધારાસભ્યશ્રી
લાઠી-બાબરા-દામનગર


૭૭મા ગણતંત્ર દિવસની
દેશવાસીઓને હાર્દિક શુભકામના
એક રાષ્ટ્ર, એક લક્ષ્ય, એક ઓળખ
શ્રી સમૃધ્ધિ નાગરીક શરાફી
સહકારી મંડળી લી. અમરેલી
બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
શ્રી મંથન ધર્મેશભાઈ કાછડીયા
શ્રી ભનુભાઈ મધુભાઈ ચોવટીયા
શ્રી કમલેશકુમાર લાલજીભાઈ જીયાણી
શ્રી ભરતભાઈ મધુભાઈ બાવીશી
શ્રી વિજયભાઈ કાળુભાઈ કાછડીયા
શ્રી અતુલભાઈ શામજીભાઈ રાદડીયા
શ્રી જયસુખભાઈ નનુભાઈ કુંમર
શ્રી હિરેનભાઈ ચતુરભાઈ કાછડીયા
શ્રી વિઠલભાઈ વિરજીભાઈ માદલીયા
શ્રી પુનાભાઈ મગનભાઈ ગજેરા
ડો. જયંતિભાઈ દયાળભાઈ કુંભાણી
શ્રીમતિ જયાબેન મધુભાઈ ગેલાણી
શ્રી વિજયભાઈ રમેશભાઈ ભાલાળા
શ્રી સતિષગીરી ભાવગીરી ગૌસ્વામી
શ્રી મોહનભાઈ મુળજીભાઈ ભંડેરી
શ્રી પિયુષભાઈ નારણભાઈ કાછડીયા
શ્રી નારણભાઈ કાછડીયા
ચેરમેનશ્રી
વ
પૂર્વ સાંસદશ્રી


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
ADITYA BIRLA
UltraTech
અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ
ગુજરાત સિમેન્ટ વર્કસ - કોવાયા


૭૭મા ગણતંત્ર પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના
મેરા ભારત મહાન
શુભેચ્છક
શ્રી પ્રદિપકુમાર ભાખર
પ્રમુખશ્રી તાલુકા ભાજપ બગસરા.
શ્રીમતી મિતલબેન પ્રદિપકુમાર ભાખર
- સરપંચશ્રી
ગ્રામપંચાયત ડેરી પીપરીયા, તા. બગસરા


૭૭મા ગણતંત્ર દિવસની
દેશવાસીઓને હાર્દિક શુભકામના
ગુજરાતની No.1 શરાફીમંડળી
શ્રી ડી. જી. મહેતા
જનરલ મેનેજર
શ્રી નિતેષ ડોડીઆ
જનરલ એમ.ડી.
શ્રી રશ્મિનભાઈ ડોડીઆ
ચેરમેનશ્રી
બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.
ડો. ગોંડલીયા ચોક, શાક માર્કેટ પાસે, બગસરા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
આઝાદી, શૌર્ય, શાંતિ, વિકાસ

...શુભેચ્છક...

શ્રીમતી ભારતીબેન નરેશભાઈ ત્રાપસીયા - સરપંચશ્રી
શ્રીમતી જયોત્સનાબેન જી. દેવાણી - ઉપસરપંચશ્રી
શ્રી નરેશભાઇ લક્ષ્મણભાઇ ત્રાપસીયા - ભાજપ બુથ અધ્યક્ષ
શ્રી મનિષભાઈ વી. માધડ - સામાજીક કારોબારી ચેરમેન
શ્રી વિનુભાઈ ડી. બોદર
શ્રી વિપુલભાઈ કે. ત્રાપસીયા
શ્રીમતી કંચનબેન બી. ત્રાપસીયા
શ્રીમતી જયાબેન એલ. ગોપાલકા
શ્રી કૈલાશબેન એમ. માધડ
ગ્રામપંચાયત નાના ભંડારીયા, તા. અમરેલી.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
એક રાષ્ટ્ર, એક લક્ષ્ય, એક ઓળખ
...શુભેચ્છક...

શ્રી ચંદુભાઈ વલ્લભભાઈ વાગડીયા (માઈકલ)
સદસ્યશ્રી, જિલ્લા પંચાયત અમરેલી (૩૧, વાઘણીયા સીટ)

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
મેરા ભારત મહાન
વંદે માતરમ્
...શુભેચ્છક...

શ્રી ભગતભાઈ ભમ્મર
પ્રમુખશ્રી યુવા ભાજપ ખાંભા
સરપંચશ્રી ગ્રામપંચાયત ભાણીયા

શ્રી સાગરભાઇ સાવલીયા
મહામંત્રીશ્રી યુવા ભાજપ ખાંભા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
...શુભેચ્છક...

શ્રી ભરતભાઈ ધડુક
અગ્રણીશ્રી, સભ્યશ્રી

શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ ધડુક
સરપંચશ્રી
શ્રી મહેશભાઈ બાબુભાઈ રાદડીયા
ઉપ સરપંચશ્રી
શ્રી દર્શિકાબેન રાઠોડ
મંત્રીશ્રી
સભ્યશ્રીઓ
શ્રીમતી શિલ્પાબેન કમલેશભાઈ રીબડીયા
શ્રીમતી વર્ષાબેન પ્રતાપભાઈ ખુમાણ
શ્રી ગોરધનભાઈ ઠાકરશીભાઈ સુદાણી
શ્રીમતી પ્રવિણાબેન અનિલભાઈ સુદાણી
ગ્રામ પંચાયત - ધજડી, તા.સાવરકુંડલા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
મેરા ભારત મહાન
વંદે માતરમ્
...શુભેચ્છક...
શ્રી સંજયભાઈ બાબરીયા
શ્રી હસમુખભાઈ પોલરા - સરપંચ ઈન્ચાર્જ
શ્રી ભગીરથભાઈ ગઢવી - મંત્રી
નાના કણકોટ ગ્રામપંચાયત, તા. લીલીયા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં
સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ
...શુભેચ્છક...
શ્રી ગુણવંતભાઈ નટુભાઈ સાવલીયા
સરપંચશ્રી
ઉપસરપંચશ્રી તથા તમામ સદસ્યશ્રીઓ
ગ્રામ પંચાયત - પ્રતાપપરા, તા.જિ.અમરેલી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
એક રાષ્ટ્ર,
એક લક્ષ્ય,
એક ઓળખ
વંદે માતરમ્
મેરા ભારત મહાન

...શુભેચ્છક...
જીતેન્દ્રકુમાર મનસુખલાલ સાદરાણી
ટ્રસ્ટીશ્રી સરદાર પટેલ વિદ્યાલય, વડીયા
શ્રી મીતુલભાઈ કાંતીલાલ ગણાત્રા
મહામંત્રી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ,અમરેલી
પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ, વડીયા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
મેરા ભારત મહાન
...શુભેચ્છક...
શ્રી ભાવેશભાઈ એ.ખુટ - સરપંચશ્રી
શ્રી અશ્વિનભાઈ શીગાળા - ઉપસરપંચશ્રી
શ્રી જે.એલ.બારૈયા - ત.ક.મ.
ગ્રામ પંચાયત મોટા ભમોદ્રા તા.સા.કુંડલા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
વંદે માતરમ્
નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં
સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ
શુભેચ્છક
શ્રીમતી ચંદ્રીકાબેન વિનુભાઈ દુધાત - સરપંચશ્રી
વિનુભાઇ દુધાત (અમરેલી તાલુકા સંગઠન મંત્રી,ભાજપ)
મંત્રીશ્રી તથા તમામ સદસ્યશ્રીઓ
ગ્રામ પંચાયત સરંભડા, તા.અમરેલી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
વંદે માતરમ્
નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં
સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ
શુભેચ્છક

શ્રી પ્રકાશભાઈ એચ.ભેડા
સરપંચશ્રી
ગ્રામ પંચાયત મોણપુર,
તા. અમરેલી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
આઝાદી, શૌર્ય, શાંતિ, વિકાસ
...શુભેચ્છક...
શ્રી કાળુભાઈ બી. વાળા
સરપંચશ્રી-ગ્રામ પંચાયત વરસડા
મહામંત્રીશ્રી તાલુકા ભાજપ, અમરેલી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
એક રાષ્ટ્ર, એક લક્ષ્ય, એક ઓળખ
...શુભેચ્છક...
શ્રી વિપુલભાઈ બાબુભાઈ બરવાળીયા - સરપંચ
તલાટી કમ મંત્રીશ્રી
સભ્યશ્રીઓ
ચંદ્રિકાબેન એમ. બરવાળીયા
જાનીબેન બી. પરમાર
ચીમનભાઈ જે. દવેરા
મનિષભાઈ બી. શેલડિયા
સંદીપભાઈ બી. બરવાળીયા
નબુબેન એલ. ચુડાસમા
મંગલબેન ડે. બરવાળીયા
થોરડી ગ્રામપંચાયત - તા. સાવરકુંડલા.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
મેરા ભારત મહાન
એક રાષ્ટ્ર,
એક લક્ષ્ય,
એક ઓળખ
...શુભેચ્છક...
સુરેશભાઈ પાથર
પ્રમુખશ્રી
જિલ્લા પંચાયત અમરેલી.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના

આઝાદી,
શૌર્ય, શાંતિ,
વિકાસ
...શુભેચ્છક...
વિરજીભાઈ ભગવાનભાઈ હિમાશીયા - સરપંચ
ભાવેશભાઈ મગનભાઈ સોજીત્રા -ઉપ સરપંચ
પારસભાઈ નાગોચા -મંત્રી
દેવાયતભાઈ લુણી - પૂર્વ સરપંચ
તથા ગ્રામ પંચાયતનાં તમામ સદસ્યશ્રીઓ
જુની નવી માંડરડી ગ્રામ પંચાયત- તા.રાજુલા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામનાઓ...
...શુભેચ્છક...

શ્રી જયંતિભાઈ મોહનભાઈ પાનસુરીયા
પ્રમુખ

શ્રી દિપકભાઈ કુરજીભાઈ માલાણી
ઉપપ્રમુખ

શ્રી સુરેશભાઈ આર. સંઘાણી
મેનેજર
ડીરેક્ટરશ્રીઓ
શ્રી મનુભાઈ લવજીભાઈ કસવાળા
શ્રી ચતુરભાઈ વિઠલભાઈ દેસાઈ
શ્રી વિઠલભાઈ વશરામભાઈ ગઢિયા
શ્રી ભીખાભાઈ મસરીભાઈ કલસરીયા
શ્રી કલ્પેશભાઈ દેવરાજભાઈ ગજેરા
શ્રી હિંમતભાઈ ગોરધનભાઈ પાનસેરીયા
શ્રી હરજીભાઈ કાનજીભાઈ નારોલા
શ્રી મગનભાઈ હરીભાઈ વિરાણી
શ્રી હસુભાઈ રાણીગભાઈ વરૂ
શ્રી અશોકભાઈ મોહનભાઈ શેલડીયા
શ્રી મનજીભાઈ રવજીભાઈ ધાનાણી
શ્રી જયસુખભાઈ કાનજીભાઈ સંઘાણી
શ્રી બાબુભાઈ ભાણાભાઈ સખવાળા
અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
બાલક્રીષ્ના વિદ્યાલય
હીંડોરડા રોડ, (રાજુલા)


તમારું બાળક આવતીકાલનું ભવિષ્ય છે. તેને રાષ્ટ્રહીતનું પાયાનું શિક્ષણ સુંદર અનુભવી શિક્ષકો તેમજ છાત્રાલયના સ્કૂલોના થી લઇ તમામ સુવિધાઓથી સજ્જ એટલે રાજુલાની એક માત્ર શૈક્ષણિક સંસ્થા
બાલક્રીષ્ના વિદ્યાલયની ગણતંત્ર દિવસની રાજુલા જાફરાબાદ ખાંભાની જનતાને શુભેચ્છા
જે.બી લાખણોત્રાના
જય દ્વારકાધિશ
જે.બી. લાખણોત્રા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના


...શુભેચ્છક...
શ્રીમતી નીર્મળાબેન બાબુભાઇ દુધાત
સરપંચશ્રી
શ્રી બાબુભાઇ કેશુભાઇ દુધાત
તાલુકા કોંગ્રેસ પ્રમુખ (બગસરા)
ગ્રામ પંચાયત - નવી હળીયાદ, તા.બગસરા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
Sitaram Suppliers
Authorised Transporters and all Types Of Materials Suppliers
At. Kovaya, Tal. Rajula-365560, Dist. Amreli. (Guj.)
Umeshbhai B. Lakhanotra
Ultra tech Cement Ltd. Kovaya
(Mob.) 9737979777 Office No. 9574377277
Email:sitaramsuppliers.9797@gmail.com

## તંત્રી લેખ

# પ્રજાસત્તાક દિન એટલે રાષ્ટ્રગૌરવની ઝાંખી

સંજોગ ન્યૂઝ આજના રાષ્ટ્રીય પ્રજાસત્તાક ઉત્સવ પ્રસંગે તમામ વાચકોને અભિનંદન પાઠવે છે. સન ૧૯૫૦ માં બંધારણ અમલમાં આવ્યાને ૭૬ વર્ષ વીતી ગયા હોવા છતાં, ગણતરીમાં તે વર્ષે યોજાયેલ પ્રથમ ઉજવણીનો સમાવેશ થાય છે, જે ૨૦૨૬ ની ઉજવણીને એટલે કે આજના શુભ દિવસને ૭૭મો પ્રજાસત્તાક દિવસ બનાવે છે. આજે સત્તાવાર વિગતો મુજબ, કર્તવ્ય પથ પર ૩૦ ટેબ્લો રજૂ કરવામાં આવશે, જેમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરશે અને ૧૩ કેન્દ્રીય મંત્રાલયો અને સેવાઓનું પ્રતિનિધિત્વ કરશે, જે રાષ્ટ્રીય પ્રગતિ અને વારસાના પાસાઓ દર્શાવે છે. આપણું વાણી સ્વાતંત્ર્ય, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્ય આજના મહાન દિવસને આભારી છે જેથી બંધારણના ઘડવૈયાઓને આપણે વંદન કરીએ છીએ. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ ભારત એક પ્રજાસત્તાક બન્યું, જ્યારે બંધારણે ભારત સરકાર અધિનિયમ, ૧૯૩૫ ને બદલ્યું. ડૉ. બી.આર. આંબેડકર અને કનૈયાલાલ મુનશીના નેતૃત્વ હેઠળ લગભગ ત્રણ વર્ષમાં ઘડાયેલા બંધારણે ભારતને એક સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાકમાં પરિવર્તિત કર્યું અને તેના શાસનનો પાયો નાખ્યો. પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ પર આજે ભવ્ય પરેડ યોજાયેલી છે, જેની થીમ 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની છે. આ કાર્યક્રમમાં સશસ્ત્ર દળોની ભાગીદારી અને સાંસ્કૃતિક ઝાંખીઓનો સમાવેશ થયેલો છે. ૨૦૨૬ ની આ ઉજવણીના મુખ્ય મહેમાનો યુરોપિયન યુનિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને ઈયુના કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન છે. બીટિંગ રીટ્રીટ રિહર્સલ ૨૮ જાન્યુઆરીએ યોજાવાનું છે, ત્યારબાદ ૨૯ જાન્યુઆરીએ બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાશે. આ સર્વ પ્રસંગોનો ટેલિવિઝન પર ખરા દિલથી સાક્ષાત્કાર કરવા અમારા સર્વ વાંચક બંધુઓને અનુરોધ છે.રાષ્ટ્રગૌરવ કોઈ એક દિવસનો ઉત્સવ કે ક્ષણિક લાગણી નથી; તે સમયની સાથે વિકસતી એવી ચેતના છે, જે માનવીના વિચાર, વર્તન અને મૂલ્યવ્યવસ્થાને દિશા આપે છે. વર્તમાન યુગમાં, જ્યાં વિશ્વભરમાં અસ્થિરતા, અસંતોષ અને અનિશ્ચિતતા વ્યાપી છે, ત્યાં રાષ્ટ્રગૌરવ માનવને આંતરિક સ્થિરતા અને આશાનો આધાર પૂરો પાડે છે. તે આપણને યાદ અપાવે છે કે વ્યક્તિ માત્ર પોતાનાં માટે નહીં, પરંતુ સમાજ અને રાષ્ટ્રના વિશાળ હિત માટે પણ જવાબદાર છે. ભારતનો સ્વાતંત્ર્ય સંઘર્ષ માત્ર સત્તા પરિવર્તનનો પ્રયાસ નહોતો; તે માનવીય આત્મસન્માન, સ્વઅસ્તિત્વ અને ગૌરવની પુનઃપ્રતિષ્ઠા માટેનો ઐતિહાસિક સંઘર્ષ હતો. સદીઓ સુધી વિદેશી શાસન હેઠળ જીવતા હોવા છતાં, ભારતીય સમાજે પોતાના આંતરિક સ્વાતંત્ર્યને ક્યારેય મરી જવા દીધું નહોતું. આ આંતરિક જ્યોતને સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાના ત્યાગ, બલિદાન અને અડગ સંકલ્પથી જીવંત રાખી. તેમના માટે સ્વાતંત્ર્ય માત્ર રાજકીય લક્ષ્ય નહીં, પરંતુ માનવી તરીકે પૂર્ણ ગૌરવ સાથે જીવવાનો અધિકાર હતો ૨૬ જાન્યુઆરીનો અવસર આ જાગૃત સંકલ્પનું પ્રતીક બન્યો છે. આ દિવસે ભારતે જાહેર કર્યું કે હવે તેનું ભવિષ્ય તે પોતે ઘડશે. આ કારણસર જ, જ્યારે ભારતે પોતાનું બંધારણ અમલમાં મૂક્યું, ત્યારે આ ઐતિહાસિક તારીખ પસંદ કરવામાં આવી.

# પ્રજાસત્તાક દિનની ગૌરવભરી ઉજવણીનો અનોખો અવસર

**પ્રાસંગિક — સુરેશ દેસાઈ**

ભારતના રાષ્ટ્રીય તહેવારોમાં ૨૬ જાન્યુઆરીનું સ્થાન વિશેષ અને ગૌરવસભર છે. આ દિવસ ભારતના પ્રજાસત્તાક બનવાનો દિવસ છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારતનું સંવિધાન અમલમાં આવ્યું અને દેશ એક સંપૂર્ણ પ્રજાસત્તાક તરીકે વિશ્વના નકશા પર સ્થાપિત થયો. આ દિવસ માત્ર ઔપચારિક ઉજવણીનો નહીં, પરંતુ ભારતીય લોકશાહી, બંધારણીય મૂલ્યો અને નાગરિક અધિકારોનો ઉત્સવ છે.

૨૬ જાન્યુઆરીની ઉજવણી પાછળ એક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ રહેલી છે. ૧૯૨૯માં લાહોરમાં યોજાયેલી ભારતીય રાષ્ટ્રીય મહાસભામાં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ પસાર થયો અને દર વર્ષે ૨૬ જાન્યુઆરીને સ્વતંત્રતાના સંકલ્પ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવાયો. આથી જ જ્યારે સંવિધાન અમલમાં લાવવાનો સમય આવ્યો, ત્યારે આ જ તારીખ પસંદ કરવામાં આવી. પરિણામે ૨૬ જાન્યુઆરી ભારતના સ્વાભિમાન અને સ્વશાસનનું પ્રતિક બની ગઈ.

પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી રાજધાની નવી દિલ્હીમાં અત્યંત ભવ્ય રીતે થાય છે. રાષ્ટ્રપતિ ભવનથી લઈને કર્તવ્ય પથ (પૂર્વે રાજપથ) સુધી યોજાતી પરેડ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષે છે. ભારતના રાષ્ટ્રપતિ આ દિવસે ત્રિરંગો ફરકાવે છે અને ત્રણેય સેનાના જવાનો રાષ્ટ્રપતિને સલામી આપે છે. આ પરેડમાં ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાની શક્તિ, શિસ્ત અને સજ્જતા પ્રદર્શિત થાય છે.

પરેડનો મહત્વપૂર્ણ ભાગ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઝાંખીઓ છે. આ ઝાંખીઓ ભારતની વિવિધતા, સંસ્કૃતિ, પરંપરા, લોકકળા અને વિકાસયાત્રાને દર્શાવે છે. એક જ મંચ પર દેશના વિવિધ રંગો, ભાષાઓ અને સંસ્કૃતિઓ જોવા મળે છે, જે "એકતામાં વૈવિધ્ય"ના સિદ્ધાંતને જીવંત કરે છે. આ ઝાંખીઓ પ્રજાસત્તાક દિનની ઉજવણીને લોકપ્રિય અને આકર્ષક બનાવે છે.

વિદેશોમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી ભારતની વૈશ્વિક ઓળખ અને સાંસ્કૃતિક પ્રભાવનું પ્રતિબિંબ છે. ભારતીય દૂતાવાસો અને હાઈ કમિશનોમાં વિશેષ કાર્યક્રમો યોજાય છે. ભારતીય ધ્વજ ફરકાવવામાં આવે છે, રાષ્ટ્રપતિનો સંદેશ વાંચવામાં આવે છે અને ભારતીય સમુદાય હાજરી આપે છે. વિદેશમાં વસતા પ્રવાસી ભારતીયો (NRI) આ દિવસને ઉત્સવરૂપે ઉજવે છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ગીતો, નૃત્ય-નાટ્ય અને ભારતીય ભોજન દ્વારા દેશની યાદ તાજી કરાવે છે. અમેરિકા, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુએઈ જેવા દેશોમાં ભારતીય સંસ્થાઓ અને સમુદાયો દ્વારા ભવ્ય સમારંભો થાય છે. અનેક જગ્યાએ ત્રિરંગા થીમ પર જાહેર કાર્યક્રમો યોજાય છે. ઘણા દેશોમાં વિદેશી મહેમાનો અને સ્થાનિક નાગરિકો પણ આમંત્રિત થાય છે, જેથી ભારતીય સંસ્કૃતિ અને લોકશાહીની મહત્તા સમજાવાય છે.

વિદેશમાં થતી ઉજવણી દ્વારા ભારતની ઓળખ એક મજબૂત લોકતંત્ર, શાંતિપ્રિય અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ દેશ તરીકે થાય છે. આ ઉજવણી દેશો વચ્ચે મિત્રતા, સાંસ્કૃતિક વિનિમય અને કૂટનીતિક સંબંધોને મજબૂત કરે છે

આ રીતે પ્રજાસત્તાક દિનની ઉજવણી દેશ અને વિદેશ બંનેમાં એકતા, ગૌરવ અને લોકશાહી મૂલ્યોનો સંદેશ આપે છે. તે દરેક ભારતીયને પોતાના દેશ પર ગર્વ અનુભવવાની તક આપે છે—ભલે તે દેશની અંદર હોય કે વિદેશમાં. ૨૬ જાન્યુઆરીના દિવસે બહાદુરી અને સેવામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વ્યક્તિઓને રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવે છે. પરમવીર ચક્ર, મહાવીર ચક્ર, અશોક ચક્ર જેવા વીરતા પુરસ્કારો




તેમજ પદ્મ પુરસ્કારો દેશના નાગરિકોમાં પ્રેરણા અને ગૌરવની લાગણી જગાવે છે. બાળકોને મળતા બહાદુરી પુરસ્કારો સમાજમાં સાહસ, કરુણા અને જવાબદારીના મૂલ્યોને પ્રોત્સાહન આપે છે.

શાળાઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહપૂર્વક થાય છે. ધ્વજવંદન, રાષ્ટ્રગીત, ભાષણો, દેશભક્તિ ગીતો, નાટિકાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને દેશપ્રેમ અને નાગરિક ફરજો અંગે જાગૃત કરવામાં આવે છે. બાળકોમાં બંધારણ પ્રત્યે આદર અને દેશની સેવા કરવાની ભાવના વિકસે તે માટે આ ઉજવણી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકો પોતાના સ્તરે પ્રજાસત્તાક દિન ઉજવે છે. સરકારી કચેરીઓ, સંસ્થાઓ અને સામાજિક સંગઠનો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાય છે. દેશભક્તિના ગીતો, રેલીઓ અને સ્વચ્છતા કે સેવા અભિયાન દ્વારા લોકો રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરે છે. આ દિવસે ત્રિરંગો ફરકાવવો માત્ર પરંપરા નથી, પરંતુ દેશ પ્રત્યેની નિષ્ઠા અને ગૌરવનું પ્રતિક છે.

૨૬ જાન્યુઆરીની ઉજવણી આપણને આપણા બંધારણના મૂલ્યો યાદ અપાવે છે. સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુત્વ – આ ચાર સ્તંભો પર ભારતીય પ્રજાસત્તાક ઊભું છે. અધિકારો સાથે સાથે ફરજોની યાદ અપાવતો આ દિવસ દરેક નાગરિકને જવાબદાર બનવાની પ્રેરણા આપે છે. લોકશાહી માત્ર મતદાન સુધી સીમિત નથી, પરંતુ સક્રિય નાગરિકત્વ દ્વારા જ તે મજબૂત બને છે.

આ રીતે ૨૬ જાન્યુઆરીનો ઉત્સવ આનંદ, ગૌરવ અને સંકલ્પનો સંગમ છે. આ દિવસ આપણને ભૂતકાળના બલિદાનનું સ્મરણ કરાવે છે અને ભવિષ્ય માટે નવી આશા જગાવે છે. આવો, આપણે સૌ મળીને પ્રજાસત્તાક દિનને સાચા અર્થમાં ઉજવીએ, બંધારણીય મૂલ્યોનું પાલન કરીએ અને ભારતને વધુ મજબૂત, સમૃદ્ધ અને એકતાવાળું રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લઈએ.

# હેપી રિપબ્લિક ડે : પ્રજાસત્તાક પર્વ અને લોકોની સમજણ

**મનન ચિંતન — ભરત બાવીશી**



આજે સમગ્ર દેશ ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી રહ્યો છે. સ્વતંત્ર ભારતમાં સ્વતંત્ર બંધારણના અમલ સાથે વિશ્વની સૌથી મોટી લોકશાહી શાસન વ્યવસ્થા ધરાવતા ભારત દેશના દરેક નાગરિકના દિલમાં આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીનો અનહદ આનંદ હોય જ એ સ્વાભાવિક છે. તમામ શાળા, મહા શાળા અને કોલેજો તેમજ કચેરીઓ અને સંસ્થાઓમાં આપણા દેશની આન, બાન અને શાન સમાન તિરંગો લહેરાવીને એને સલામી આપીને શહીદો અને સ્વાતંત્ર્ય સૈનિકોને યાદ કરીને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિ વ્યક્ત કરવામાં આવે છે. પ્રજાસત્તાક પર્વ માત્ર એક તારીખ નથી, એ આપણા લોકતંત્રની સમજણને યાદ કરાવતો દિવસ છે. ૨૬ જાન્યુઆરીએ ધ્વજ લહેરાય છે, બંધારણના પાનાંઓનું સ્મરણ થાય છે, રાષ્ટ્રગાન ગુંજે છે પરંતુ પ્રશ્ન એ છે કે આ બધાની વચ્ચે લોકોની સમજણ કેટલી ઊંડી છે? કારણ કે કોઈ પણ પ્રજાસત્તાકનું સાચું આયુષ્ય કાયદા પર નહિ, નાગરિકોની સમજણ પર ટકેલું હોય છે. આ દિવસ પૂરતી સીમિત રહી જતી દેશભક્તિ વર્ષભર જીવંત રહે છે કે નહીં? કારણ કે કોઈ પણ પ્રજાસત્તાકનું બળ શસ્ત્રોમાં નહિ, લોકોની સમજણમાં રહેલું હોય છે. બંધારણ આપણને અધિકાર આપે છે, પણ સમજણ આપણને જવાબદાર નાગરિક બનાવે છે. આમ પ્રજાસત્તાક પર્વ માત્ર એક ઔપચારિક ઉજવણી નથી, એ આપણા લોકતંત્રની સમજણને ચકાસતો પર્વ છે.

આઝાદીના અમૂલ્ય સંઘર્ષ પછી આપણે પ્રજાસત્તાક સ્વીકાર્યું. મતાધિકાર મળ્યો, અભિવ્યક્તિની સ્વતંત્રતા મળી, સમાનતાની ખાતરી મળી પરંતુ આ બધું માત્ર લખાયેલા શબ્દોમાં સીમિત રહે તો પ્રજાસત્તાક શોભાયમાન બને છે, જીવંત નહિ. તેને જીવંત રાખે છે સમજદાર નાગરિક. આજે ઘણીવાર અધિકારની વાત વધુ થાય છે, ફરજ પાછળ રહી જાય છે. સ્વતંત્રતા આપણે માગીએ છીએ, પરંતુ શિસ્ત ભૂલી જઈએ છીએ. પ્રશ્ન એ નથી કે આપણે શું મેળવ્યું, પ્રશ્ન એ છે કે આપણે લોકતંત્રને શું આપ્યું? પ્રજાસત્તાકનો અર્થ માત્ર મતદાન નથી, પ્રજાસત્તાકનો અર્થ છે વિચારપૂર્વકનું વર્તન. રસ્તા પરનું શિસ્તબદ્ધ વર્તન, મતભેદમાં સંયમ, વિરોધમાં સંસ્કાર અને સત્તા સામે સત્ય બોલવાની હિંમત આ બધું પ્રજાસત્તાકની સમજણના પરિચય છે. જ્યાં લોકો સમજદાર હોય છે, ત્યાં કાયદાને લાકડી બનીને ઊભું રહેવું પડતું નથી. આપણે આઝાદીના સંઘર્ષના વારસદાર છીએ. સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વ માત્ર પાઠ્યપુસ્તકના શબ્દો નથી, એ જીવવાની સંસ્કૃતિ છે. પરંતુ જ્યારે અધિકારનો અવાજ ઊંચો થાય અને ફરજ મૌન રહે, ત્યારે પ્રજાસત્તાકની આત્મા કચવાય છે. ધ્વજ લહેરાવવો સહેલો છે, બંધારણની ભાવના જાળવવી કઠિન છે. મનન કરીએ તો સમજાય છે કે પ્રજાસત્તાક પર્વ આપણને ઉજવણી કરતાં વધુ આત્મમંથન કરવા બોલાવે છે. શું આપણે જુદી જુદી વિચારધારા વચ્ચે પણ એકબીજાને માન આપી શકીએ છીએ? શું આપણે સ્વતંત્ર અભિપ્રાય સાથે જવાબદારી સ્વીકારી શકીએ છીએ? કારણ કે પ્રજાસત્તાક એક દિવસનો પર્વ નથી, એ રોજની સમજણની પરીક્ષા છે. પ્રજાસત્તાક પર્વ આપણને ગર્વ સાથે જવાબદારી પણ સોંપે છે. આપણે જુદા વિચાર ધરાવતા હોવા છતાં એક દેશ તરીકે જોડાયેલા રહી શકીએ, એ જ પ્રજાસત્તાકની સાચી કસોટી છે. અને જ્યારે લોકોની સમજણ મજબૂત હોય છે, ત્યારે જ ધ્વજ ઊંચો રહે છે ; ફક્ત દંડ પર નહિ, દિલમાં પણ. આજના ૭૭મા પ્રજાસત્તાક પર્વની સૌ વાચકોને ઢેર સારી શુભકામનાઓ.

**ધ્વજ હાથમાં લેવો સહેલો છે, દિલમાં બંધારણ ઉતારવું મુશ્કેલ છે;**
**દેશને પ્રેમ કરવો ભાષણમાં સરળ છે, જીવનમાં નિભાવવું એ સાચી દેશભક્તિ છે.**
**નારા ગુંજે તો ગર્વ થાય, સમજણ જાગે તો દેશ ઊભો થાય;**
**પ્રજાસત્તાક જીવંત રહે છે ત્યાં સુધી, જ્યાં નાગરિક પહેલા પોતે જવાબદાર થાય.**

# ગુલામીથી આઝાદી સુધીનો સંઘર્ષ : આઝાદી પછી ખેતી અને ગામડાઓની પ્રગતિ

**ઝાકળનું એક બિંદુ — હિરેન હિરપરા**






આજે દેશ ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી રહ્યો છે. ગુલામીમાં જીવતી પ્રજા એકજૂટ થઈને અંગ્રેજો સામે લડી અને દેશ આઝાદ થયો પરંતુ ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગષ્ટ જેવા બંને પર્વ માત્ર સરકારી અને શાળાકિય બની ગયા છે. દેશની જનતાને રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઓછો રસ છે. અડધી કલાકનો સમય કાઢીને શાળાઓના કાર્યક્રમોમાં ભાગ લેવાનો સમય જનતા પાસે રહ્યો નથી.

ભારતની ગુલામી માત્ર વિદેશી શાસનની ગુલામી ન હતી પરંતુ દેશની ખેતી, ગામડાઓ અને ખેડૂતોને નબળા પાડવાનું સુ-આયોજીત ષડયંત્ર હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપની વેપારના બહાને ભારતમાં આવી અને ધીમે-ધીમે સમગ્ર દેશ ઉપર શાસન સ્થાપી દીધું. અંગ્રેજોએ જમીનદારી રૈયતવારી, મહાલવાટી જેવી જમીન ખેડાણ વ્યવસ્થાઓ અમલમાં મૂકી દીધી. જેના કારણે ખેડૂતો ઉપર ભારે કરનો બોજ આવી પડયો. પાક-ઉપજ નિષ્ફળ જાય તો પણ કર માફ કરવામાં ન આવતો પરિણામે ખેડૂતો અંગ્રેજોના શાસનમાં દેવામાં ફસાયા, જમીનો ગુમાવવાનો વારો આવ્યો અને ખેડૂતો અને ગામડાઓ ગરીબી તરફ ધકેલાઈ ગયા.

અંગ્રેજોના શોષણ સામે પહેલો અવાજ ઉઠાવ્યો ખેડૂત સમાજે, ચંપારણ્ય સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહ જેવા આંદોલનો માત્ર સ્થાનિક પ્રશ્નો માટે ન હતા પરંતુ દેશના સ્વાતંત્ર્ય સંઘર્ષના મજબૂત આધારસ્તંભ બન્યા. આ આંદોલનો દ્વારા ખેડૂતોની એકતા અને જાગૃતિ વધી, ૧૮૫૭ની પ્રથમ સ્વાતંત્ર્યની લડતથી ભગતસિંહ, ચંદ્રેશખર આઝાદ, સુભાષચંદ્ર બોઝ જેવા ક્રાંતિકારીઓના બલિદાનો અને ત્યારબાદ મહાત્મા ગાંધીના જન આંદોલનના પરિણામે અંગ્રેજ શાસનના પાયા હલબલી ગયા.

આઝાદી પછી દેશ સામે બે મોટા પડકાર ઉભા થયા. પ્રથમ દેશની એકતા અને અખંડીતતા જાળવવી અને બીજો ખેતી અને ગામડાઓનું પુનઃનિર્માણ કરવું. સરદાર પટેલના નેતૃત્વ હેઠળ રજવાડાઓને ભારત સાથે જોડીને અંખડ ભારતનું નિર્માણ કરવામાં આવ્યું. પ્રથમ રજવાડું ભારતમાતાના ચરણે મુકનાર પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજીને અંખડ ભારત કયારેય ભુલી ના શકે. અંખડ ભારત બાદ, પંચાયતી રાજ વ્યવસ્થા થકી ગામડાઓની લોકભાગીદારી શાસન વ્યવસ્થાઓ શરૂ થઈ.

ખેતીમાં હરિત ક્રાંતિ દ્વારા ભારત ખાદ્ય અન્નમાં આત્મનિર્ભર બન્યું, સિંચાઈ યોજનાઓ, ઉચ્ચ ગુણવત્તાવાળા બિજ અને ખાતર તેમજ જમીન સુધારણાઓથી ખેત ઉત્પાદન વધ્યું, સહકારી સંસ્થાઓ મારફતે આધાર અને લાભો મળ્યા છે. આમ છતાં ખેતીની જમીનો દિવસે-દિવસે ટૂંકી થતી જવી, હવામાનની અનિશ્ચિત સ્થિતિઓ અને ભાવોની અસમાનતા વચ્ચે સ્થિતિ સુધારા સાથે આજે પણ પડકારજનક છે. ભૂતકાળની સરકારોએ પોતાની યોગ્યતા સાથે કામો કર્યા છે.

૨૦૧૪ થી કેન્દ્રમાં સ્થિર સરકાર બનતા ખેતી અને ગામડાઓના વિકાસને વધુ પરિણામલક્ષી અને માળખાગત દિશા આપવાનો પ્રયત્ન થયો. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ દ્વારા ખેડૂતોને સીધો લાભ આપવામાં આવ્યો, દેશના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, "પર ડ્રોપ મોર ક્રોપ" જેવી યોજનાઓ અને સુક્ષ્મ પિયત યોજનાઓ હવે ડ્રોનના ઉપયોગ થકી આધુનિક ખેતી તરફ દેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં આગળ વધી રહ્યો છે. ગામડાઓને વિકાસની હરોળમાં લાવવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, શૌચાલય, પિવાના પાણીની વ્યવસ્થા, આવાસ યોજના, વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવી છે.

જ્યારે જ્યારે ખેડૂતો અને ગ્રામીણ જનતા સજાગ બની અને જાગૃત બની ત્યારે રાજકીય નિતિઓ સ્પષ્ટ બની અને પરિણામલક્ષી બની છે.

આઝાદના ફળો અંત્યોદયના ભાવો સાથે ખેડૂતો મજબૂત તો ગામડાઓ સમૃધ્ધ, આજે ખેતી, ખેડૂતો અને ગ્રામીણ વિકાસ માટે સરકારની દ્રષ્ટી સ્પષ્ટ છે. ત્યારે જ અખંડ ભારત અને આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર થતી જણાય છે. સહુને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ સાથે શહીદોનું બલિદાન એળે ન જાય અને ઈતિહાસની ભાવિ પેઢીને વાકેફ કરતા રહીએ એ જરૂરી છે.

**:: તિખારો ::**

**સાથે રહીને જે દગો કરે છે એનાથી મોટો કોઈ જ શત્રુ નથી, અને જે આપણી ભૂલો ખુલ્લીને મોઢા ઉપર કહી દે છે તેનાથી મોટો અને મહાન કોઈ મિત્ર જ નથી હોતો. યાદ રાખજો...**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near byapas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ઉનાળુ મગફળી : જાતની પસંદગી :જીજી-૨, જીજી-૪, જીજી-૬, જીજેજી-૩૧, ટીજી-૨૬, ટીજી-૩૭ એ, ટીપીજી-૪૧, જીજી-૩૪

**બાજરી:**

● ઉનાળુ: મધ્યમથી મોડી પાકતી: જીએચબી-૫૫૮, ૭૩૨

● વહેલી પાકતી: જીએચબી-૫૩૮

● પૂર્વ રબી: જીએચબી-૫૩૮

**પાછોતરી માવજતોનું મહત્વ :** એકમ વિસ્તારમાંથી મહત્તમ પાક ઉત્પાદન મેળવવા માટે ખાતર, પાણી, સુધારેલ બીજ, જમીન વ્યવસ્થા, પાક સંરક્ષણના ઉપાયો વગેરે સમયે દરેક ખેતીપાકને પૂરતી માવજત આપવી જરૂરી છે એટલું જ નહીં, પરંતુ પાકનું મહત્તમ ઉત્પાદન મેળવવા માટે પાકના વાવેતર બાદ ખાસ પ્રકારની માવજત આપવી પડે છે. "પાકના વાવેતર બાદથી કાપણી કરતાં પહેલાં સુધી પાકનું સફળ અને મહત્તમ ઉત્પાદન મેળવવા માટે આપવામાં આવતી દરેક માવજતોને પાછલી માવજત કહે છે. આવી માવજતો સમયસર અને ભલામણ પ્રમાણે ન કરવામાં આવે તો પાકના ઉત્પાદન ઉપર માઠી અસર થાય છે.

**જીરુંઃ-** જીરાના પાકને ૨૦૦-૨૫૦ મિ.લિ. પાણીની જરૂર પડે છે. જીરાના પાકનું પિયત એ જોખમી પાસુ છે જેથી વાદળછાયું અને ભેજવાળુ વાતાવરણ હોય ત્યારે કોઈપણ સંજોગોમાં પિયત ન આપવું. જીરાને ધીમે ધીમે હલકા પિયત આપવા. વિસ્તાર અને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે પાકને પિયતની જરૂરીયાત જુદી જુદી રહે છે. સામાન્ય રીતે આ પાકને ૫ થી ૬ પિયત આપવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. ત્રીજું પિયત ૩૦ થી ૩૫ દિવસે નિંદામણ અને પુરતીખાતર આપ્યા બાદ આપવું. ચોથું પિયત વાવણી બાદ ૪૫ થી ૫૦ દિવસે આપવું. છેલ્લા બે પિયત જમીનના પ્રકાર અને હવામાનના આધારે આપવા.

**ચણા :-** પિયત અથવા મર્યાદિત પિયત હેઠળ વાવેતર કરેલ ચણાના પાકને બે થી ત્રણ પિયત આપવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. જો ત્રણ પિયત આપી શકાય તેમ હોય તો પ્રથમ પિયત ડાળી ફૂટતી વખતે, બીજું પિયત ફુલ બેસતી વખતે અને ત્રીજું પિયત પોપટા બેસતી વખતે આપવું. જો બે પિયત આપી શકાય તેમ હોય તો પ્રથમ પિયત ડાળી ફૂટવાની અવસ્થાએ અને બીજું પિયત પોપટા બેસવાની અવસ્થાએ આપવું.

**લસણઃ-** લસણના પાકના મૂળ છીછરા અને પાતળા તંતુમૂળ હોય છે. જમીનની ઉપરની સપાટીમાં ભેજ ઓછો થાય એટલે તેની વૃધ્ધિ ઉપર અસર જોવા મળે છે આથી લસણના પાકને હલકાં પરંતુ વધારે પિયતની જરૂર રહે છે. દક્ષિણ સૌરાષ્ટ્રમાં લસણના પાકને ૫ સે.મી. ઉંડાઈના ૧૪ પિયત આપવાની ભલામણ છે. ચોથાથી અગિયારમાં પિયત સુધી ૭ થી ૮ દિવસે પિયત આપવું. બાકીના પિયત ૮ થી ૧૦ દિવસના ગાળે આપવા. પાછલી અવસ્થા એટલે કે વાવેતરના ૭૦ દિવસ બાદ બે પિયત વચ્ચેનું અંતર વધારવું જોઈએ જેથી લસણની ગાંઠો બંધાયા બાદ કળીઓ ફુટી / ઉગી જાય છે તેનું પ્રમાણ ઘટાડી શકાય.

**ખેત પેદાશોનું વર્ગીકરણ (ગ્રેડિંગ) અને સ્ટાન્ડરડાઈઝેશનઃ-** ખેત પેદાશોને અનુલક્ષીને ગ્રેડિંગનાં ધારા-ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. જો ખેડૂતો આ ધારા-ધોરણોના આધારે ગ્રેડિંગ કરે તો વધુ ભાવ મેળવી શકે છે. હાલમાં ખેડૂતોના ખેતર અને ગ્રામ્યસ્તરે જ કૃષિ પેદાશોનું ગ્રેડિંગ અને સ્ટાન્ડરડાઈઝેશનની સુવિધા વધારવાની જરૂર છે જેથી કૃષિ પેદાશોનો બગાડ ઓછો થાય અને ગુણવત્તા પણ સુધરે અને તેના વધુ ભાવ મળી શકે.

**ખેત પેદાશોનું પેકેજીંગઃ-** પેકેજીંગ એ કૃષિ પાકોના માર્કેટિંગનું પ્રથમ પગથિયું છે. સારું પેકિંગ હોવાથી ગ્રાહકોનું આકર્ષણ વધે છે. આજના આધુનિક યુગમાં ગ્રાહકો દ્વારા સારું પેકેજીંગ હોય તેવી વસ્તુને જલ્દી પસંદ કરવામાં આવે છે. પેદાશોનું યોગ્ય પેકિંગ ન હોય તો બગાડ થાય છે અને સાથે સાથે ગુણવત્તા પણ ઘટે છે. આમ જો સારું પેકિંગ હોય તો ખેડૂતો ગ્રાહકોને જલ્દી આકર્ષી શકે છે અને ભાવ પણ વધુ મેળવી શકે છે.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**સંગ્રહઃ-** સામાન્ય રીતે કાપણી બાદ ખેત પેદાશોના ભાવ નીચા જતા રહેતા હોય છે એવું ઘણીવાર બને છે. બજારમાં માંગ કરતા પુરવઠો વધતા આવું થતું હોય છે. જો ખેડૂતો પોતાની ખેત પેદાશોનો વધુ ભાવ મેળવવા માંગતા હોય તો ખેત પેદાશોનો યોગ્ય સંગહ કરવો જરૂરી છે. જેથી જ્યારે બજારમાં યોગ્ય ભાવ મળે ત્યારે ખેત પેદાશોનું વેચાણ કરી શકાય. આથી સંગ્રહ દરમિયાન બગાડ ન થાય એની કાળજી રાખવી અને સંગ્રહની વૈજ્ઞાનિક પધ્ધતિનો અમલ કરવો જોઈએ તેમજ સરકાર દ્વારા અમલમાં મુકેલ સંગ્રહને લગતી વિવિધ યોજનાઓનો પણ લાભ લેવો જોઈએ. પાક ઉત્પાદનની શૃંખલા જાળવવા, ઉત્પાદન જાળવી રાખવા, માતૃ-પિતૃ બીજ જાળવવા તેમજ બ્રિડિંગ મટીરિયલને સાચવવા યોગ્ય બીજ સંગ્રહ કરવો જરૂરી છે. દેહધાર્મિક પરિપક્વતાથી કાપણી અને ત્યારબાદ વાવણી સુધીના સમયગાળામાં ઊંચી સ્ફુરણશક્તિ અને જુસ્સો જાળવવા એ બીજ સંગ્રહનો મુખ્ય હેતું છે.

**નાળિયેરી :-** ૧. બોરોન (Boron)ની ખામી જે મુખ્ય કારણ છે, તેનાથી નવી કળી નબળી પડે છે અને ટોચથી સૂકાવાનું શરૂ થાય છે, પાન પર પીળા પટ્ટા બને છે અને બાદમાં કથ્થઈ (Brown) કલરના થાય છે.

**૨. ફૂગજન્ય રોગ** (Early Leaf Blight) પાંદડા પર નાના કાળા-ભૂરા ટપકા પડે છે અને પાનની ધાર કાળી થાય છે. જે શરૂઆતની ફૂગ અસર હોવાનું દેખાઈ રહ્યું છે.

**બોરોનની ઉણપ દૂર કરવા નિવારણ :-** બોરોનની ખામીની સારવાર સૌથી અગત્યની છે. જમીનમાં Broax અગત્યની છે જમીનમાં Broax દરેક છોડમાં ૨૫–૪૦ ગ્રામ છોડથી ૧૦–૧૫ સેમી દૂર નાખવું. ત્યાર બાદ તરત સિંચાઈ કરવી જે વધુ અસરકારક છે. પાન ઉપર ૦.૨% બોરિક એસિડ સ્પે ગ્રામ/લિટર) ૧૫ દિવસમાં ૨ વાર કરવો જે નવા પાનને ફરીથી સ્વસ્થ બનાવશે. MgS0, (એપ્સમ સોલ્ટ) ૧૦૦–૧૫૦ ગ્રામ અને યુરિયા ૫૦–૭૫ ગ્રામ એકવાર નાખો ત્યારબાદ ૨૫ દિવસ પછી ફરી ૧ વાર આપવું

**ફૂગજન્ય રોગ માટે નિવારણ :-** કોપર ઑક્સીક્લોરાઈડ (COC) ૩ ગ્રામ/લિટર સ્પ્રે અથવા મેન્કોઝેબ ૩ ગ્રામ/લિટર ૧૦–૧૨ દિવસના અંતરે ૨ છંટકાવ કરવા તે ઉપરાંત છોડની આજુબાજુ પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી નહીં તો મૂળ નબળા પડશે.

ગીર સાવજ ટ્રાઈકોડર્મા જમીનજન્ય ફૂગથી થતા સુકારા રોગના નિયંત્રણ માટે ઉપયોગી છે. તેનું વેચાણ વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કરવામાં આવી રહ્યું છે.

**ખેત પાકોમાં ઉધઈનું નિયંત્રણ :-** ૧. ઉપદ્રવ વધુ રહેતો હોય તેવા ખેતરોમાં લીલા પડવાસના પાકો લેવા નહિ તેમજ કાચું દેશી ખાતર વાપરવું નહિ. કાપણી બાદ પાકના જળીયાનો તુરંત સંપૂર્ણ પણે નિકાલ કરવો.

૨. ઉપદ્રવીત ખેતરમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભૂકી હેકટર દિઠ ૨૫ થી ૩૦ કિ.ગ્રા. પ્રમાણમાં પાક વાવતા પહેલા જમીનમાં ભેળવી દેવી.

**૩.** દવા આપવાની કાર્યવાહી થઈ શકી ન હોય અને ઉધઈનો ઉપદ્રવ જોવા મળે તો પાકમાં ખાતર તરીકે દિવેલી, લીંબોળી કે કણજીનાં ખોળનો ઉપયોગ કરવો.

**૪.**ઘઉંના બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા. બીજ દિઠ ૪.૫ મિ.લિ. કલોરપારીફોસ દવાનો પટ આપીને વાવેતર કરવું.

**૫.**શેરડીનાં વાવેતર માટેનાં ટુકડાઓને મેલાથીયોન ૧% અથવા કલોરપાયરીફોસ ૦.૧% ના દ્રાવણમાં ૧૦ મિનિટ બોળી રાખ્યા બાદ વાવેતરના ઉપયોગમાં લેવા.

**૬.** મગફળીના બીજને કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૧૨.૫ મિ.લિ. પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ મુજબ માવજત આપી વાવેતર કરવું.

**૭.** ઉભા પાકમાં શકય હોય ત્યાં સુધી પિયત આપવાનું મોડું કરવું નહી અને છતાં પણ ઉધઈનો ઉપદ્રવ વધુ જણાય તો પિયતના પાણી સાથે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૨.૫ લિટર પ્રતિ હેકટર પ્રમાણે આપવું.

**(ક) ફળ-ઝાડ તથા સુશોભન વૃક્ષોમાં ઉધઈનું નિયંત્રણ :-** ૧.ફળ-ઝાડની વાડીઓમાં તથા સુશોભન વૃક્ષોમાં ઉધઈ થડ ઉપર માટીનાં પોપડા બાંધી ઝાડને નુકસાન કરે છે. આનાથી રક્ષણ મેળવવા માટે છોડનાં થડ ઉપર જમીનથી ૧.૫ ફુટ ઉંચાઈ સુધી થડની ફરતે કેરોસીનમાં ઓગાળેલ કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૦.૧% નું દ્રાવણ પંપથી છાંટવું.

**ડિજિટલ બજાર :-** ભારત સરકારે ખેડૂતો માટે e-NAM (નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ)થી ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પોર્ટલ શરુ કરેલ છે, જે સમગ્ર ભારતમાં ખેડૂતો માટે હાલની APMC મંડીઓ વચ્ચે નેટવર્ક પ્રસ્થાપિત કરે છે. તેનો મુખ્ય ઉદેશ કૃષિ બજારમાં સમાનતાને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજનાથી ખરીદદારો અને વેચાણકર્તાઓ વચ્ચેની સરળતા વધશે તથા ખેડૂતને તેની પેદાશનો પ્રવર્તમાન ભાવ પણ મળી રહેશે તેમજ ડિજિટલ બજાર ખેડૂતોને સાધનો ભાડે આપવા, સ્થાનિક ગ્રાહકો સાથે જોડાવા અથવા શ્રેષ્ઠ વીમા માટે એકસાથે જોડવાની આદર્શ રચના રૂપે કામ કરશે. સ્માર્ટ ખેતી તકનીકો ક્રોપ સેન્સર, ફાર્મ મેપિંગ અને એરિયલ ડ્રોનનો ઉપયોગ કરીને ઉત્પાદનની ગુણવત્તા સુધારવામાં મદદ કરે છે તેમજ પોષક ઉત્પાદનોના મૂલ્યને વધારવા માટે પણ ખૂબ જ ઉપયોગી છે.

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

# પરોપજીવી નિંદામણો : સમસ્યા, લક્ષણો અને નિયંત્રણ

● **પ્રસ્તાવના :-** ભારતીય કૃષિમાં પાક ઉત્પાદન વધારવા માટે વિવિધ સુધારેલી ખેત પદ્ધતિઓ/ તકનીકો અપનાવવામાં આવે છે, છતાં પણ દિવસે-દિવસે નિંદામણો એક ગંભીર સમસ્યા બની રહે છે. ખાસ કરીને પરોપજીવી નિંદામણો પાક માટે અત્યંત નુકસાનકારક સાબિત થાય છે, કારણ કે તે પોતે ખોરાક બનાવવાને બદલે યજમાન છોડ પરથી પાણી અને પોષક તત્વો મેળવી યજમાન પાકને કમજોર બનાવે છે. આવા પરોપજીવી નિંદામણો પાકની વૃદ્ધિ, ઉપજ અને ગુણવત્તા પર સીધી નકારાત્મક અસર કરે છે.

પરોપજીવી નિંદામણોમાં મુખ્યત્વે અમરવેલ, આગિયો, વાંદો અને વાકુંભો જેવા નિંદામણોનો સમાવેશ થાય છે. આ નિંદામણો લાંબા સમય સુધી જમીનમાં જીવંત રહેતા હોવાથી અને ઝડપથી ફેલાતા હોવાથી તેમનું નિયંત્રણ કરવું ખુબ જ મુશ્કેલ બને છે. તેથી ખેડૂતો માટે આ નિંદામણોની ઓળખ, લક્ષણો અને યોગ્ય નિયંત્રણ પદ્ધતિઓ જાણવી અત્યંત જરૂરી છે.

**પરોપજીવી નિંદામણોનાં પ્રકાર અને લક્ષણોઃ-**

**૧. અમરવેલ (Cuscuta / પીળી વેલ / આકાશવેલ):** અમરવેલ એક સંપૂર્ણ પરોપજીવી નિંદામણ છે, જેમાં લીલા પાંદડા હોતા નથી. તે પાતળી પીળી અથવા નારંગી વેલ રૂપે યજમાન છોડને લપેટાઈ જાય છે અને હાઉસ્ટોરિયા દ્વારા છોડમાંથી પાણી તથા પોષક તત્વો ચૂસી લે છે. અમરવેલ મુખ્યત્વે બાગાયતી પાકો, સુશોભનનાં પાકો અને ચારા પાકોમાં ભારે નુકસાન કરે છે. તેના ઉપદ્રવથી છોડ પીળો પડી જાય છે, વૃદ્ધિ અટકી જાય છે અને ઘણી વખત યજમાન પાક આખો નષ્ટ થાય છે. આ વેલ ઘણા બધા વિષાણુંજન્ય રોગોનો પણ ફેલોવો કરે છે

શ્રી. કે.એસ. જોટંગીયા, ડો. ડી.એચ. ટંડેલર
શ્રી પાયલ જે. કોદાવલા
૧. એમ.એસ.સી.,વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.કૃ.યુ., નવસારી
૨. પ્રાધ્યાપક, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.કૃ.યુ., નવસારી
૩. પીએચ.ડી. વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જુ.કૃ.યુ., જૂનાગઢ

**નિયંત્રણઃ**

● નિંદણમુક્ત અને પ્રમાણિત બીજનો ઉપયોગ કરવો જોઈએ.

● અસરગ્રસ્ત છોડ સાથે અમરવેલ કાઢી અથવા બાળીને નષ્ટ કરવી.

● ખેતરને સમયાંતરે ફરજિયાત વેલ-વેલાઓથી મુક્ત રાખવું.

● પાક ફેર-બદલી અપનાવવી.

● ૦.૧% પેરાક્વેટ દ્રાવણનો ખુબ જ સાવચેતીપૂર્વક મુખ્ય પાકની કાપણી બાદ ઉપયોગ કરવો.

**૨. આગિયોઃ-** આગિયો એક પરોપજીવી નિંદણ છે, જે મુખ્યત્વે જુવાર, બાજરી અને અન્ય ખેત-પાકોમાં જોવા મળે છે. આગિયો પાક સાથે પાણી, પોષકતત્વો અને જગ્યા માટે હરીફાઈ કરે છે. આગિયાના ઉપદ્રવથી પાકની વૃદ્ધિ ધીમી પડે છે અને ઉપજમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. આગિયાનો માત્ર એક જ છોડ ૯૦,૦૦૦-૫,૦૦,૦૦૦ બીજ/સીડ ઉત્પાદન કરી શકે છે.

**નિયંત્રણઃ-** ● જો આગિયો દેખાય તો તેમાં ફૂલ આવે એ પહેલા જ, ઉપાડીને નાશ કરવો ● ૨-૩ % કોપર સલ્ફેટનું દ્રાવણ બનાવીને ડ્રેન્ચીંગ કરવું જોઈએ.

● ત્રણથી ચાર અઠવાડિયાનાં અંતરે ૨, ૪-D નો છંટકાવ કરવો.

● ખેતર સ્વચ્છ રાખવું.

**૩. વાકુંભોઃ-** વાકુંભો એક પરોપજીવી નિંદણ છે, જે તમાકુ, બટાકા, રીંગણ, ટામેટા તથા સૂર્યમુખી જેવા પાકોમાં મુખ્યત્વે જોવા મળે છે. આ નિંદણ યજમાન છોડના મૂળ વિસ્તારમાં વિકસીને પાકના પોષકતત્વો ચૂસી લે છે. વાકુંભોના કારણે પાકની ઉપજમાં ૩૦ થી ૮૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. તેના બીજ જમીનમાં લાંબા સમય સુધી જીવંત રહી શકે છે, જેથી તેનો ઉપદ્રવ વારંવાર જોવા મળે છે.

**નિયંત્રણઃ**


● સર્ટિફાઈડ અને વિશ્વાસપાત્ર બિયારણ વાપરવું જોઈએ.

● ઉનાળામાં ઊંડી ખેડ કરવી.

● ભારે ઉપદ્રવવાળા છોડ ફૂલ પહેલા દૂર કરી નષ્ટ કરવા.

● વાવેતર પહેલાં નિંદણનાશક દવાઓનો યોગ્ય ઉપયોગ હિતાવહ છે.

**૪. વાંદોઃ-** વાંદો એક અર્ધ-પરોપજીવી વનસ્પતિ છે, જે મુખ્યત્વે કેરી, ચીકુ, જામફળ, લીંબુ જેવા ફળઝાડોમાં જોવા મળે છે. તેમાં લીલા પાંદડા અને લાલ ફૂલો હોય છે, એટલે તે પોતે જ પ્રકાશ સંશ્લેષણ કરી શકે છે, પરંતુ પાણી અને ખનિજ તત્વો યજમાન ઝાડમાંથી ચૂસી લે છે. વાંદાના ઉપદ્રવથી ઝાડની ડાળીઓ સુકાવા લાગે છે અને ફળ-ધારણમાં ઘટાડો થાય છે.






**લક્ષણોઃ**

● ઝાડની ડાળીઓ પર ગાંઠ જેવી રચના જોવા મળે છે

● યજમાન ઝાડનાં પાંદડા પીળા પડવા લાગે છે.



● ફળ ઓછાં લાગવા.

**નિયંત્રણઃ**

● અસરગ્રસ્ત ડાળ કાપી - બાળીને નાશ કરવો.

● પક્ષીઓ દ્વારા બીજનો ફેલાવો અટકાવવો.

**સારાંશઃ** પરોપજીવી નિંદામણો ખેતી માટે ગંભીર પડકારરૂપ છે, કારણ કે તે યજમાન છોડમાંથી સીધું પોષણ મેળવી પાકને કમજોર બનાવે છે. અમરવેલ, આગિયો, વાંદો અને વાકુંભો જેવા નિંદણો પાકની વૃદ્ધિ અટકાવે છે, ઉપજ ઘટાડે છે અને ખેડૂતોને આર્થિક નુકસાન પહોંચાડે છે. ખાસ કરીને બાગાયતી અને ખેત-પાકોમાં તેમનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. આ સમસ્યાના અસરકારક નિવારણ માટે સંકલિત નિંદણ વ્યવસ્થાપન અપનાવવું જરૂરી છે. શુદ્ધ બીજ, સમયસર નિંદણ નિયંત્રણ, સ્વચ્છ ખેતી પદ્ધતિ, પાક ફેર-બદલી અને યોગ્ય રાસાયણિક નિયંત્રણ દ્વારા પરોપજીવી નિંદામણોનાં નુકસાનને ઘટાડી શકાય છે. યોગ્ય આયોજન અને તકેદારીથી પાકની તંદુરસ્તી જળવાઈ રહે છે અને ઉત્પાદન વધારી શકાય છે.

| ક્રમ | ગુજરાતી નામ | અંગ્રેજી નામ | વૈજ્ઞાનિક નામ | પરોપજીવી પ્રકાર | ફોટો |
|---|---|---|---|---|---|
| ૧ | અમરવેલ | Doodder | Cuscuta spp. | સંપૂર્ણ ડાળી પરોપજીવી |  |
| ૨ | આગિયો | Witchweed | Striga spp. | અર્ધ મૂળ પરોપજીવી |  |
| ૩ | વાંદો | Mistletoe | Loranthus | અર્ધ ડાળી પરોપજીવી |  |
| ૪ | વાકુંભો | Broom rape | Orobanche spp. | સંપૂર્ણ મૂળ પરોપજીવી |  |

# સુરતમાં માછીમારી કરી રહેલા પિતા-પુત્રી પર નિર્માણાધિન પુલની પ્લેટ પડતા બંનેનું મોત



સુરત,તા.૨૫

સુરત શહેરમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. સુરતમાં ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દરમિયાન આજે એક ગોઝારી ઘટના બની છે. કામરેજ તાલુકાના કઠોર ગામ પાસે તાપી નદી પર નિર્માણાધીન બ્રિજ પરથી લોખંડની ભારે પ્લેટ નીચે પડતા માછીમારી કરી રહેલા પિતા અને તેમની માસૂમ પુત્રીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઘટનાની મળતી માહિતી મુજબ, કઠોર ગામ પાસે તાપી નદી પર બુલેટ ટ્રેન માટેના બ્રિજનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ દરમિયાન નદીમાં માછીમારી કરી રહેલા મોહસીનભાઈ અને તેમની દીકરી પર અચાનક ઉપરથી એક વિશાળ લોખંડની પ્લેટ પડી હતી. પ્લેટ એટલી વજનદાર હતી કે પાણીમાં હોવા છતાં બંનેને બહાર નીકળવાની તક સુધ્ધાં મળી ન હતી અને તેઓ નીચે દબાઈ ગયા હતા.

મૃતકોના નામ મોહસીન ઈકબાલ શેખ (ઉંમર ૩૫ વર્ષ): વ્યવસાયે માછીમાર, રહેવાસી - બદાત ફળિયું, કઠોર, હુમા મોહસીન શેખ (ઉંમર ૦૯ વર્ષ) મોહસીનભાઈની પુત્રી.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ભેગા થયા હતા. નદી કિનારે સ્થાનિકોનો જમાવડો થઈ ગયો હતો. સ્થાનિકોમાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે. ઉતરાણ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પિતા-પુત્રીના મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકને પેટ્રોલ છાંટી જીવતો સળગાવાયો

નવીદિલ્હી,તા.૨૫



બાંગ્લાદેશમાં ફરી એકવાર એક હિન્દુ યુવાનની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે. યુવકની ઓળખ ચંચલ ચંદ્ર ભૌમિક તરીકે કરવામાં આવી છે, જે નરશિંગડી વિસ્તારમાં ગેરેજમાં સૂતો હતો. દરમિયાન, અજાણ્યા વ્યક્તિઓએ ગેરેજમાં પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી, જેના પરિણામે ચંચલ જીવતો સળગી જતા દુઃખદ મૃત્યુ થયું. બાંગ્લાદેશી પત્રકાર સલાહુદ્દીન શોએબ ચૌધરીએ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં આ વાત કહી છે. સલાહુદ્દીન શોએબ ચૌધરીએ લખ્યું કે બાંગ્લાદેશમાં ફરી એકવાર એક હિન્દુ યુવકને સળગાવી દેવામાં આવ્યો છે. પહેલા મૈમનસિંઘમાં દીપુ ચંદ્ર દાસને સળગાવી દેવામાં આવ્યો. પછી શરિયતપુરમાં ખોકન ચંદ્ર દાસની હત્યા કરવામાં આવી, અને હવે નરસિંઘડીમાં એક દુકાનમાં ચંચલ ચંદ્ર ભૌમિકને જીવતો સળગાવી દેવામાં આવ્યો. આ ઘટના શુક્રવારે રાત્રે બની. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શુક્રવારે કામ પૂરું કર્યા પછી ચંચલ ગેરેજમાં સૂઈ ગયો. નજીકના સીસીટીવી કેમેરામાં દેખાતું હતું કે મોડી રાત્રે એક વ્યક્તિએ ચંચલને મારવાના ઈરાદાથી પેટ્રોલ છાંટીને ગેરેજમાં આગ લગાવી દીધી હતી.

## ગુજરાત રાજ્ય સરકાર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સદભાવના ટ્રસ્ટ રાજકોટ દ્વારા

# ચાડીયાના અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટને 'પર્યાવરણ મિત્ર એવોર્ડ' એનાયત: ગામમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી ઉછેર કર્યો

**ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઇ કે. ગઢિયાએ આ એવોર્ડ સ્વીકાર્યો**



ચાડીયા,તા.૨૫

ગુજરાત રાજ્ય સરકાર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સદભાવના ટ્રસ્ટ રાજકોટ દ્વારા સંયુક્ત રીતે અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટ (ચાડીયા ગામ)ને 'પર્યાવરણ મિત્ર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. ગામમાં ૫૦૦૦ વૃક્ષો વાવી તેનો ઉછેર કરી પ્રશંસનીય કામગીરી કરવા બદલ આ સન્માન મળ્યું છે.

અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટની કારોબારી વતી ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ કે. ગઢિયાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ટ્રસ્ટ દ્વારા ગામમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા બાબતમાં અગ્રિમ ધ્યાન આપવામાં આવે છે.

આ એવોર્ડ મળવા બદલ ચાડીયા ગામના સ્થાનિક ગ્રામજનો તેમજ દેશ-પરદેશમાં વસતા ગામના રહીશો આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે. સૌ કોઈએ અન્નપૂર્ણા ટ્રસ્ટની ગામ પ્રત્યેની લાગણી અને કામગીરીને બિરદાવી હતી. તેમજ દાતાઓ અને ગ્રામજનો દ્વારા ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ કે. ગઢિયા અને કારોબારી સભ્યોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

૭૭ મા ગણતંત્ર દિવસની શુભેચ્છા
રાષ્ટ્રને સહકાર આપીએ.
સ્વચ્છતા જાળવીએ.
શુભેચ્છક
શ્રી ભુરાભાઇ સવજીભાઇ કાકડીયા - સરપંચશ્રી
શ્રી મગનભાઇ રવજીભાઇ મકવાણા ઉપસરપંચશ્રી
સભ્યશ્રીઓ
શ્રીમતી રંભાબેન ગોબરભાઇ ગોલીતર
શ્રીમતી દક્ષાબેન રાજેશભાઇ કાકડીયા
શ્રી દેહુરભાઇ જીવકુભાઇ કનાળા
શ્રી પ્રકાશભાઇ નાથાભાઇ આંકોલીયા
શ્રીમતી ભાનુમતિબેન રમેશભાઇ ગોહિલ
શ્રીમતી વિલાસબેન વિક્રમભાઇ બાખલડીયા
શ્રી ભુપતભાઇ મુળજીભાઇ મારૂ
તથા મંત્રીશ્રી અને ગ્રામજનો
ગ્રામપંચાયત નાના રાજકોટ, તા. લાઠી

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
ગામડાનો વિકાસ એટલે આપણો વિકાસ
ગણતંત્ર દિવસની સર્વોને શુભકામના
શુભેચ્છક
શ્રી ભરતભાઈ હીરાદાસ ગોંડલીયા -સરપંચશ્રી
શ્રી વિઠલભાઈ બચુભાઈ સોરઠીયા-ઉપસરપંચશ્રી
જે. આર. ગોસાઈ - મંત્રીશ્રી
સભ્યશ્રીઓ
શ્રી રમેશભાઈ હરીભાઈ સોરઠીયા | શ્રી નવનીતભાઈ રણછોડભાઈ સોરઠીયા
શ્રીમતી રેખાબેન વસંતભાઈ સોરઠીયા | શ્રીમતી હંસાબેન અશોકભાઈ માઘડ
શ્રીમતી દયાબેન ભરતભાઈ ગોંડલીયા | શ્રી દેવજીભાઈ હીરાભાઈ સોંદરવા
શ્રી અસ્મીતાબેન વિજયભાઈ માઘડ
ગ્રામ પંચાયત - કોલડા, તા.કુંકાવાવ

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
ગામડાનો વિકાસ એટલે આપણો વિકાસ
ગણતંત્ર દિવસની સર્વોને શુભકામના
શુભેચ્છક
ટીકુબેન કનુભાઈ વાળા - સરપંચશ્રી
શ્રીકાંતભાઈ બાબુભાઈ કોઠીયા - ઉપ સરપંચ
જે.આર.હિરાણી - તલાટી કમ મંત્રીશ્રી
: સભ્યશ્રીઓ :
કનુભાઈ હરસુરભાઈ વાળા
કિશોરભાઈ દિલુભાઈ વાળા
ભુપતભાઈ જિલુભાઈ ખાડક
મંજુલાબેન ભીખાભાઈ સરીખડા
ભાવનાબેન ભાવેશભાઈ બતાડા
ગજરાબેન ચંપુભાઈ કાળીચા
મનીષાબેન અમકુભાઈ વાળા
કોટડા ગ્રામ પંચાયત - તા. ખાંભા

૭૭ મા ગણતંત્ર દિવસની શુભકામના
वंदे मातरम्
રાષ્ટ્રને સહકાર આપીએ
સ્વચ્છતા જાળવીએ,
વેરો નિયમિત ભરીએ
શુભેચ્છક

ધીરૂભાઈ કલ્યાણભાઈ ઝાપડીયા
સરપંચશ્રી,
તથા ગ્રામ પંચાયતના તમામ સદસ્યશ્રીઓ
કીડી ગ્રામ પંચાયત - તા. બાબરા.


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
...શુભેચ્છક...
શ્રી વિનુભાઈ રવજીભાઈ રૈયાણી (ચેરમેન)
શ્રી હરસુરભાઈ ભાણાભાઈ વાઘ (વાઈસ ચેરમેન)
શ્રી વી. એમ. માંડણકા (સેક્રેટરી)
સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ તથા સ્ટાફગણ
માર્કેટીંગ યાર્ડ-ખાંભા- જિલ્લો અમરેલી

૭૭મા ગણતંત્ર દિનની શુભકામના
January 26 જય હિન્દ
• ટેકાનાં ભાવે જણસીઓની ખરીદી.
• મલ્ટી કોમોડીટી કલીનીક અને ગ્રેડીંગ ફેસીલીટી.
• વે-બ્રિજ તેમજ વોટર કુલરની સુવિધા.
• ખેડૂત ખાતેદારો માટે આકસ્મિક વીમા યોજના.
• આકર્ષક ઓક્ષન શેડ, આર.સી.સી.રોડ.
• ખેડૂતો માટે ગેસ્ટ હાઉસની સુવિધા
...શુભેચ્છક...
શ્રી સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - સાવરકુંડલા
માલાણી દિપકભાઈ કુરજીભાઈ પ્રમુખશ્રી | લાખાણી મહેશભાઈ મધુભાઈ ઉપપ્રમુખશ્રી | શ્રી જતીનભાઈ માલાણી સેક્રેટરી
(ડીરેક્ટર)
કોઠીયા દુર્લભજીભાઈ મનજીભાઈ
માલાણી ચેતનભાઈ છગનભાઈ
રાદડીયા રમણીકલાલ વીરજીભાઈ
ખુમાણ જસુભાઈ શાર્દુળભાઈ
રાદડીયા અતુલભાઈ શામજીભાઈ
કાનાણી હાર્દિકકુમાર મનજીભાઈ
(ડીરેક્ટર)
વિરાણી કાળુભાઈ વિરજીભાઈ
ઠુંમર કલ્પેશભાઈ હિંમતભાઈ
માલાણી અશ્વિનભાઈ ખીમજીભાઈ
મશરૂ હરેશભાઈ ધીરજલાલ
રામાણી અંકુર બાવચંદભાઈ
(ડીરેક્ટર)
બલદાણીયા દેવાતભાઈ વાઘાભાઈ
માલાણી બાબુભાઈ ગોવિંદભાઈ
નાયક નિયામકશ્રી,ખે.બ.અને ગ્રા. અર્થતંત્ર અને
જિલ્લા રજિસ્ટ્રાર,સ.મ. અમરેલી
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારી (જિ.પં.) અમરેલી
માર્કેટીગયાર્ડના તમામ કર્મચારીગણ-સાવરકુંડલા

૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
જય જવાન | જય કિસાન
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી
સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ : ફોન : ઓ.(૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧
ખુલ્લી હરરાજી... ખરો તોલ... રોકડા નાણાં...
• ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
• ખેડૂતો વજનમાં છેતરાય નહી તે માટે માર્કેટયાર્ડમાં ઈલેક્ટ્રોનીકસ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
• જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં A TO Z માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.
તુષાર એચ. હપાણી સેક્રેટરી | ચંદુભાઈ બી. પોલરા વા.ચેરમેન | ભાવિનભાઈ જે. સોજીત્રા ચેરમેન
સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી
શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી

# યુવાનો પહેલીવાર મતદાતા બને છે, ત્યારે તેમને અભિનંદન આપવા મીઠાઈ વહેંચો: વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,તા.૨૫



પીએમ મોદીએ આજે 'મન કી બાત' ના ૧૩૦મા એપિસોડ દ્વારા જનતા સાથે વાર્તાલાપ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષ ૨૦૨૬નો પહેલો મન કી બાત કાર્યક્રમ છે. આવતીકાલે આપણે પ્રજાસત્તાક દિવસ ઉજવીશું. આજનો દિવસ પણ એક મહત્વપૂર્ણ દિવસ છે. આજે આપણે રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવી રહ્યા છીએ. સામાન્ય રીતે, જ્યારે કોઈ ૧૮ વર્ષનો થાય છે, ત્યારે તે મતદાતા બને છે. આને જીવનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવે છે, તેથી દેશમાં તેની ઉજવણી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે યુવાનો પહેલીવાર મતદાતા બને છે, ત્યારે તેમને અભિનંદન આપવા અને મીઠાઈઓ વહેંચવા માટે એકઠા થાઓ. આ જાગૃતિ વધારશે અને મતદાર બનવાના મહત્વને મજબૂત બનાવશે. હું યુવાનોને ૧૮ વર્ષના થતાં મતદાતા તરીકે નોંધણી કરાવવા વિનંતી કરું છું. આજકાલ, સોશિયલ મીડિયાનો એક ટ્રેન્ડ છે જેમાં લોકો ૨૦૧૬ ની યાદોને તાજી કરી રહ્યા છે. દસ વર્ષ પહેલાં, જાન્યુઆરી ૨૦૧૬માં, અમે એક યાત્રા શરૂ કરી. અમને સમજાયું કે, ભલે નાનું હોય, તે દેશ માટે મહત્વપૂર્ણ હતું. હું જે યાત્રા વિશે વાત કરી રહ્યો છું તે સ્ટાર્ટઅપ ઈન્ડિયાની યાત્રા છે. આ યાત્રાના નાયકો આપણા યુવા સાથીઓ છે. આ યુવાનો દ્વારા કરવામાં આવેલી નવીનતાઓ ઈતિહાસમાં નોંધાઈ રહી છે.

# જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા: ૧૩૦૦થી વધુ રસ્તાઓ બંધ, અનેક લોકો મુશ્કેલીમાં

જમ્મુ-કાશ્મીર,તા.૨૫



જમ્મુ-કાશ્મીરની ભદ્રવાહ ઘાટીમાં લાંબી રાહ બાદ આ મોસમની પ્રથમ ભારે હિમવર્ષા નોંધાઈ છે. પટનીટોપ, નથાટોપ, સનાસર અને બટોટેમાં પણ બરફવર્ષા થતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. અનેક લોકો બરફમાં ફસાયા હતા અને કેટલાક મુસાફરોને બસમાં ભૂખ્યા-તરસ્યા રાત પસાર કરવી પડી હતી. હિમવર્ષા વચ્ચે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સ્કીઈંગ કરીને લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

હિમાચલ પ્રદેશમાં પણ હિમવર્ષાના કારણે ૧૨૯૧ રસ્તાઓ બંધ છે, જેને ખોલવા માટે ૩૮૫ મશીનો કાર્યરત છે. હિમાચલ અને કાશ્મીરમાં મળીને ૧૩૦૦થી વધુ રસ્તાઓ ખોલવાની કામગીરી ચાલુ છે. ઉત્તર પ્રદેશના ૨૦ જિલ્લાઓમાં વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ જાહેર કરાયું છે. હરિયાણા અને પંજાબમાં ધુમ્મસનું ઓરેન્જ એલર્ટ છે, જ્યારે ઉત્તરાખંડમાં પાંચ જિલ્લાઓ માટે હિમપ્રપાતનું હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.


# સુરત રેલવે સ્ટેશન પર એક કરોડના ડ્રગ્સ સાથે નાઈજીરીયન મહિલા ઝડપાઈ

(એચ.એસ.એલ),સુરત,તા.૨૫

ગુજરાતનું આર્થિક પાટનગર સુરત ફરી એકવાર ડ્રગ્સ તસ્કરીનું એપીસેન્ટર બન્યું હોય તેવું લાગી રહ્યું છે. ગુરુવારે ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા સુરત રેલવે સ્ટેશન પર એક ગુપ્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું, જેમાં ૧ કરોડ રૂપિયાથી વધુના ડ્રગ્સ સાથે એક નાઈજીરીયન મહિલાની ધરપકડ કરવામાં આવી છે. મહિલાની બેગની ઝીણવટભરી તલાશી લેતા તેમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો છે. તપાસ દરમિયાન ૧૦ લાખની કિંમતનું ૫૦ ગ્રામ કોકેઈન અને અંદાજે ૯૦ લાખની કિંમતનું ૯૫૦ ગ્રામ મેથામ્ફેટામાઈન મળી આવ્યું હતું. આમ, ડીઆરઆઈ દ્વારા કુલ મળીને અંદાજે ૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પાકિસ્તાનની ધમકી ખોખલી સાબિત: ICCની ચેતવણી બાદ T૨૦ વર્લ્ડ કપ ટીમ જાહેર

જી.એન.એસ,તા.૨૫



બાંગ્લાદેશના સમર્થનમાં T૨૦ વર્લ્ડ કપ ન રમવાની ધમકી આપનાર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ એક જ દિવસમાં પોતાનો નિર્ણય બદલી ટીમની જાહેરાત કરી દીધી છે. રવિવારે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં PCBએ ૧૫ સભ્યોની પાકિસ્તાની ટીમ જાહેર કરી. સલમાન અલી આગાને કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જ્યારે બાબર આઝમ, ફખર ઝમાન અને શાહીન શાહ આફ્રિદી જેવા સિનિયર ખેલાડીઓનો પણ સમાવેશ કરાયો છે. પાકિસ્તાન પોતાની પ્રથમ મેચ ૭ ફેબ્રુઆરીએ કોલંબોમાં નેધરલેન્ડ્સ સામે રમશે. ઉલ્લેખનીય છે કે ICCએ વર્લ્ડ કપમાંથી હટવાના નિર્ણય પર PSL માટે NOC ન આપવાની ચેતવણી આપી હતી.


શ્રધ્ધાંજલિ



સ્વ. હરિભાઈ નારણભાઈ હેલૈયા (ઉ.વ.૭૨)
સ્વ. તા.૧૯-૦૧-૨૦૨૬, સોમવાર ગામ : જાત્રોડા
અંજલી આપતા હૈયુ તુટે છે, શ્રધ્ધાંજલિ લખતા શબ્દો ખુટે છે,
અમારી પ્રત્યેક પળમાં આપની પ્રેરણા અને આશીર્વાદ
વરસતા રહે અને પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના
સદગતની ઉતરક્રિયા (પાણીઢોળ)
તા. ૨૭-૦૧-૨૦૨૬ ને મંગળવારનાં રોજ સવારે ૯:૦૦ થી
બપોરે ૧૧:૦૦ કલાકે જાત્રોડા મુકામે રાખેલ છે.
લિ.
રમેશભાઈ હરિભાઈ હેલૈયા મો. ૭૩૫૯૬ ૮૫૪૩૫
કલ્પેશભાઈ હરિભાઈ હેલૈયા મો.૯૯૭૯૪ ૮૨૩૧૮
ગામ : મુ.જાત્રોડા, તા.લીલીયા, જી.અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના



શુભેચ્છક
શ્રી ગણપતભાઈ ભુપતભાઈ સેંજલીયા
સરપંચશ્રી તથા ઉપસરપંચશ્રી
અને તમામ સદસ્યશ્રીઓ
ગ્રામ પંચાયત, રાજસ્થળી તા.અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના



-: શુભેચ્છક :-
શ્રી હિતેશભાઈ કલકાણી
પ્રમુખશ્રી તાલુકા ભાજપ બાબરા


## ગાંધીનગરમાં દારૂના નશામાં પિતાએ પુત્રની હત્યા કરી હોવાનું તરકટ રચ્યું

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરમાં સેક્ટર-૧૩માં રહેતા એક શખ્સે લગ્નમાં જવાની તકરારમાં પત્નીને સબક શીખવવા માટે પોતાના જ ત્રણ વર્ષના માસૂમ પુત્રનું ગળું દબાવી હત્યા કરી દીધી હોવાનું તરકટ રચ્યું હતું. જોકે, ગાંધીનગર પોલીસની સતર્કતા અને નાઈટ કોમ્બિંગના કડક અમલીકરણને કારણે ગણતરીના કલાકોમાં જ બાળકને હેમખેમ શોધી કાઢવામાં આવ્યું હતું. જ્યારે દારૂના નશામાં ધૂત પિતાની પોલીસે ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
રાષ્ટ્રને સહકાર આપીએ
સ્વચ્છતા જાળવીએ,
શુભેચ્છક
वंदे मातरम्
वंदे मातरम्



શ્રી ધર્મેશભાઈ સોની - શહેર ભાજપ પ્રમુખ, લાઠી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
ગામડાનો વિકાસ એટલે દેશનો વિકાસ
ગણતંત્ર દિવસની સર્વોને શુભકામના
શુભેચ્છક
ચંપાબેન પ્રવિણભાઈ દામોદરા – સરપંચશ્રી
કિરીટભાઈ બાબુભાઈ સરધારા –ઉપસરપંચશ્રી
ગીતાબેન – મંત્રીશ્રી
:: સભ્યશ્રીઓ ::
ભાવનાબેન અજયભાઈ લીંબડીયા
દિનેશભાઈ ડુંગરભાઈ સરધારા
માયાબેન જેતુભાઈ બસીયા
વિપુલભાઈ ભીમજીભાઈ સરધારા
ગૌરીબેન વિનુભાઈ વડાળીયા
શિલ્પાબેન મહેશભાઈ ધાનાણી
અજયભાઈ મગનભાઈ સોલંકી
લક્ષ્મીબેન ભરતભાઈ સોલંકી
(સામાજીક ન્યાય સમિતિ ચેરમેન)
ગ્રામપંચાયત લુણીધાર, તા. અમરેલી



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
નિયમિત વેરો ભરી અને ગામના વિકાસમાં
સહભાગી બનીએ અને સ્વચ્છતા જાળવીએ
-: શુભેચ્છક :-
રામભાઈ સવજીભાઈ ફીણવીયા : સરપંચશ્રી
ધીરૂભાઈ રામજીભાઈ ઠુમ્મર : ઉપસરપંચશ્રી
શ્રી જે.ડી. વાળસુર : મંત્રી
-: સભ્યશ્રીઓ :-
ઈન્દુબેન રાજેશભાઈ પરબત
જયાબેન જયસુખભાઈ વેકરીયા
કાંતાબેન પરશોતમભાઈ ફીણવીયા
મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ સભાયા
લાભુબેન ભીખાભાઈ ફીણવીયા
પરષોતમભાઈ પ્રાગજીભાઈ સાવલીયા
ગ્રામ પંચાયત, નાના વિસાવદર, તા. ખાંભા



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
શુભેચ્છક
ચમનભાઈ ગોવિંદભાઈ વાઘેલા - સરપંચશ્રી
ગીરીશભાઈ નાગજીભાઈ ચોવટીયા - ઉપસરપંચશ્રી
આશાબેન પરમાર - ત.ક.મ.
સભ્યશ્રીઓ
ઉકાભાઈ શામજીભાઈ કીકાણી
રમેશભાઈ જીણાભાઈ રૂપાવટીયા
શાંતાબેન વિઠ્ઠલભાઈ રૂપાવટીયા
મંજુબેન પોપટભાઈ સરેણા
વિમળાબેન સવજીભાઈ મયાત્રા
કાંતાબેન બઘાભાઈ મયાત્રા
સનાળા ગ્રામ પંચાયત, તા.કુંકાવાવ



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
26 JANUARY
REPUBLIC DAY Celebration
-: શુભેચ્છક :-
વિપુલભાઈ ભીખાભાઈ વસાણી - સરપંચશ્રી
વિલાસબેન ભરતભાઈ વસાણી - ઉપ સરપંચશ્રી
સોનલબેન એલ. મહેતા - મંત્રીશ્રી
તથા ગ્રામપંચાયતના તમામ સદસ્યશ્રીઓ
જંગર ગ્રામપંચાયત - તા. કુંકાવાવ.



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
રાષ્ટ્રને સહકાર આપીએ
શુભેચ્છક
શ્રીમતી કૈલાસબેન મથુરભાઈ પરમાર
સરપંચશ્રી
શ્રી કિશોરભાઈ વાણીયા - મંત્રીશ્રી
ઉપસરપંચશ્રી, તથા તમામ સદસ્યશ્રીઓ
ગ્રામપંચાયત-જુના માલકનેશ, તા.ખાંભા



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
નિયમિત વેરો ભરી
અને ગામના વિકાસમાં
સહભાગી બનીએ
અને સ્વચ્છતા જાળવીએ
શુભેચ્છક
શ્રીમતી કંચનબેન અતુલભાઈ રાદડીયા - સરપંચશ્રી
શ્રી અતુલભાઈ શામજીભાઈ રાદડીયા - અગ્રણી
શ્રીમતી હંસાબેન મગનભાઈ કથીરીયા - ઉપસરપંચ
સભ્યશ્રીઓ
શ્રી અશોકભાઈ કલ્યાણભાઈ કથીરીયા
શ્રી ભીખાભાઈ હરીભાઈ દુધાત
શ્રીમતી વનિતાબેન ઘનશ્યામભાઈ દુધાત
શ્રીમતી કાજલબેન પરેશભાઈ શેદડીયા
શ્રી મનીષભાઈ અનુભાઈ હેલૈયા
શ્રીમતી ઈલાબેન બાબાભાઈ ઘાઘલ
ગ્રામપંચાયત, બોરાળા, તા. સાવરકુંડલા.



૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
ગામડાનો વિકાસ એટલે દેશનો વિકાસ
ગણતંત્ર દિવસની સર્વોને શુભકામના
શુભેચ્છક
શ્રી સંજયભાઈ છગનભાઈ તારપરા - સરપંચશ્રી
ભુપતભાઈ રામજીભાઈ મકવાણા - ઉપસરપંચશ્રી
હેતલબેન - મંત્રી
:: સભ્યશ્રીઓ ::
અલ્પેશભાઈ દીલીપભાઈ ચુડાસમા
મંગાભાઈ દેવાભાઈ સોલંકી
ક્રિષ્નાબેન મનીષભાઈ ચૌહાણ
સુરેશભાઈ જીણાભાઈ દાહોડીયા
રમીલાબેન મનીષભાઈ પોકીયા
પ્રભાબેન નટુભાઈ વેકરીયા
હીરલબેન જગદીશભાઈ કાછડીયા
ગ્રામપંચાયત પીપળવા, તા. લાઠી


૭૭મા ગણતંત્ર
દિવસની શુભકામના
વંદે માતરમ્
...શુભેચ્છક...
કેસર એગ્રો ડીસ્ટ્રીબ્યુટર્સ
શ્રી રમેશભાઈ કાથરોટીયા
ટ્રસ્ટી : શ્રી ખોડલધામ ટ્રસ્ટ - કાગવડ
કન્વીનર - ખોડલધામ સમિતિ-અમરેલી


૭૭મા ગણતંત્ર
દિવસની શુભકામના
મેરા ભારત મહાન
એક રાષ્ટ્ર, એક લક્ષ્ય, એક ઓળખ
...શુભેચ્છક...
જીતુભાઈ કાછડીયા
પ્રમુખશ્રી,
તાલુકા પંચાયત સાવરકુંડલા


SINTEX
YARNS
Innovating for a Sustainable Tomorrow
Member Reliance Group
26th JANUARY
HAPPY
REPUBLIC DAY
As the tricolour flies high, we honour the values of freedom, unity and democracy that guide our nation. Jai Hind.
COTTON
LINEN
VALUE ADDED
SUSTAINABLE
Follow us for more details :
sintex.in
sintexyarns
sintexyarns_official
Lunsapur Village, Jafrabad Taluka, Amreli - 365540


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામના
શુભેચ્છક
મધુરમ
કન્સ્ટ્રકશન કાં.
January 26
જય હિન્દ
રમેશભાઈ નારીયા
જયસુખભાઈ મોણપરા


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામનાઓ...
...શુભેચ્છક...
શ્રી અંકુરભાઈ બટુકભાઈ જસાણી
(ઉપપ્રમુખ)
શ્રી પ્રવિણભાઈ મનસુખભાઈ કરકર
(પ્રમુખ)
શ્રીમતી લીલાબેન અશ્વિનભાઈ મકવાણા
(સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન)
-:: સભ્યશ્રી :-
શ્રી શંભુભાઈ માવજીભાઈ પાંચાણી
શ્રીમતી પ્રતીક્ષાબેન મુળશંકર તૈરૈયા
શ્રીમતી સોનીબેન અરવિંદભાઈ પરમાર
શ્રીમતી શિલ્પાબેન દિપકભાઈ સિંધવ
શ્રીમતી આશાબેન વસંતભાઈ તૈરૈયા
શ્રીમતી વસીલાબેન આસીફભાઈ વાળા
શ્રીમતી કિંજલબેન ગંભીરસિંહ સોલંકી
શ્રીમતી અનિતાબેન મહેશભાઈ ચૌહાણ
શ્રીમતી કમળાબેન ભુપતભાઈ બસીયા
શ્રીમતી ઉમાબેન વનરાજભાઈ વાળા
શ્રીમતી રેખાબેન લલીતભાઈ આંબલીયા
શ્રી ધર્મેશભાઈ લાભુભાઈ વાવડીયા
શ્રી બાવકુભાઈ દેવકુભાઈ બસીયા
શ્રી વનરાજભાઈ વાલેરાભાઈ વાળા
શ્રી રમેશભાઈ છગનભાઈ તૈરૈયા
શ્રી નરેશભાઈ લખમણભાઈ મારૂ
શ્રી ખોડાભાઈ ભીખાભાઈ મકવાણા
શ્રી ભરતભાઈ બાબુભાઈ રંગપરા
શ્રી જગુભાઈ એભલભાઈ ખાદા
શ્રી નિતિનભાઈ ચિમનભાઈ દસલાણીયા
શ્રીમતી જીજ્ઞાસાબેન ભુપતભાઈ સકોરીયા
તમામ સ્ટાફગણ, નગરપાલિકા બાબરા


26TH
JANUARY
૭૭મા ગણતંત્ર
દિવસની શુભકામના
...શુભેચ્છક...
January 26
જય હિન્દ
હિમાંશુભાઈ ધાનાણી
ડિઝાઈન પોઈન્ટ


૭૭મા ગણતંત્ર
દિવસની શુભકામના
26th
January
Sarjan
The Creative Team
Sarjan Construction Pvt. Ltd.
Our Business Verticals :
1) Construction Division
2) Sarjan Solar Division
3) Sarjan Skill Development
4) Leo Nutriscience LLP (Sarjan Pharma Division)
Regd. Head Office
8-9, 1st Floor, Dandev Complex,
Swaminarayan Road,
Rajula-365560,
Dist : Amreli, Gujarat
Ph No: 02794- 222562 / 220183
Corporate Office
8-9-10, 2nd Floor, Yogeshwar Complex,
Gulab Tower Road,
Nr. Sola Over bridge,
Thaltej,
Ahmedabad-365560,Gujarat
Ph No: 079-27432562
Email: info@sarjanconstruction.com
Website: www.sarjanconstruction.com
CRISIL MSE 2
TÜV SÜD
NABCB
QM 011
ISO 9001-2015
CERTIFIED COMPANY
Sarjan
Construction Pvt. Ltd.
(SOLAR DIVISION)


૭૭મા ગણતંત્ર દિવસની શુભકામનાઓ...
ADITYA BIRLA
UltraTech
પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા
નર્મદા સિમેન્ટ - જાફરાબાદ વર્કસ